Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)

ભગવાન શ્રી કુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ-૮૦

।। ॐ ।।

# શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા

卐

: આદ્યલેખક:
આગરાનિવાસી સ્યાદ્વાદવારિધિ વિદ્વચ્છિરોમણિ
**સ્વ૦ પંડિત શ્રી ગોપાલદાસજી બરૈયા**

卐

: પ્રકાશક:
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks

The Gujarati Shree Laghu Jain Siddhant Praveshika has been donated by Maltiben Sureshchandra Daftari, Rajkot, Gujarat, INDIA. The donor has paid for it to be "electronised" and made available on the internet.

**DONT FORGET:** An English translation of this shastra by Hemchand Jain called "A Short Reader to Jain Doctrines" is available at:

http://www.AtmaDharma.com/laghujainsiddhant

# Our Request to you

1) We have taken great care to ensure this electronic version of the Gujarati Shree Laghu Jain Siddhant Praveshika is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version | Date | Comments |
| --- | --- | --- |
| 001 | 8 May 2002 | First version in gujarati |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)

પ્રથમાવૃત્તિ વીર સં. ૨૪૮૬ પ્રત–૨૦૦૦
દ્વિતીયાવૃત્તિ વીર સં. ૨૪૮૭ પ્રત–૩૦૦૦
તૃતીયાવૃત્તિ વીર સં. ૨૪૯૩ પ્રત–૩૧૦૦
ચતુર્થાવૃત્તિ વીર સં. ૨૫૧૧ પ્રત–૨૦૦૦

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# -: નિવેદન:-

તત્ત્વજિજ્ઞાસુને સુગમતાથી જૈન સિદ્ધાંતમાં પ્રવેશ થઈ શકે એવી ભાવનાથી આ લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા શાસ્ત્રાધારપૂર્વક બનાવી છે.

તેમાં સ્વ. પં. ગોપાળદાસજી બરૈયા કૃત જૈન સિ૦ પ્રવેશિકા, છ ઢાળા, સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર, વિદ્વજ્જનબોધક, મોક્ષમાર્ગપ્રકાશક, બનારસીવિલાસ, પંચાધ્યાયી, સ૦ સાર નાટક, ત૦ સૂત્ર, ગો૦ સાર આદિ ગ્રંથોનો આધાર લીધો છે. સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વાર્થોને સમ્યક્પ્રકારે જાણવાનો અભ્યાસ કરવાંથી સાચું સમાધાન થાય છે માટે સત્યધર્મના જિજ્ઞાસુઓએ આ પ્રવેશિકાનો સારી રીતે અભ્યાસ કરવો જોઈએ.
વીર સં. ૨૪૭૮

**રામજી માણેકચંદ દોશી, પ્રમુખ**
**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

।। ॐ ।।

परमात्मने नम:

# શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા

* * *

મંગલાચરણ

नत्वा जिनेन्द्रं गतसर्वदोषं
सर्वज्ञदेवं हितदर्शकं च।
श्रीजैनसिद्धांतप्रवेशिकेयं
विरच्यते स्वल्पधियां हिताय।।

**અર્થ:-** જેના સર્વ દોષ નાશ થયા છે, અને જેઓ હિતને માટે ઉપદેશ આપનાર છે, એવા સર્વજ્ઞદેવ શ્રી જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરીને આ “શ્રી જૈનસિદ્ધાંતપ્રવેશિકા” ગ્રંથ અલ્પબુદ્ધિ-વાળાના હિતને માટે રચવામાં આવે છે.

# -: स्तुति:-

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।
आत्म ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नम:।।

❄

# શ્રી નમસ્કાર મંત્રઃ

(૧) ણમો અરહંતાણં (૨) ણમો સિદ્ધાણં (૩) ણમો આઇરિયાણં (૪) ણમો ઉવજ્ઝાયાણં (૫) ણમો લોએ સવ્વસાહૂણં.

અર્થઃ– (૧) શ્રી અર્હંતને નમસ્કાર હો. (૨) શ્રી સિદ્ધને નમસ્કાર હો. (૩) આચાર્યને નમસ્કાર હો. (૪) ઉપાધ્યાયને નમસ્કાર હો. (૫) લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો.

આ નમસ્કારમંત્ર મહા મંગલસ્વરૂપ છે.

## પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ

### (૧) શ્રી અર્હંતનું સ્વરૂપઃ

**ઘનઘાતિ કર્મ વિહીન ને**
**ચોત્રીશ અતિશય યુક્ત છે;**
**કેવલ્યજ્ઞાનાદિક પરમગુણ-**
**યુક્ત શ્રી અર્હંત છે.**

(નિયમસાર ગાથા ૭૧.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



[ घनघातिकर्म रहिता: ] ઘનઘાતિકર્મ રહિત [ केवलज्ञानादिपरमगुणसहिता: ] કેવળજ્ઞાનાદિ પરમગુણો સહિત અને [ चतुस्त्रिंशदतिशययुक्ता: ] ચોત્રીશ અતિશય સંયુક્ત:- [ ईद्दशा ] આવા, [ अर्हन्त: ] અર્હંતો [ भवन्ति ] હોય છે. ૭૧.

## ( ૨ ) સિદ્ધનું સ્વરૂપ:

**છે અષ્ટ કર્મ વિનષ્ટ,**
**અષ્ટ મહાગુણે સંયુક્ત છે;**
**શાશ્વત પરમ ને લોક-**
**અગ્ર વિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.**

[ नष्टाष्टकर्मबन्धा: ] આઠ કર્મનાં બંધનો જેમણે નષ્ટ કરેલ છે એવા, [ अष्टमहागुणसमन्विता: ] આઠ મહાગુણો સહિત, [ परमा: ] પરમ, [ लोकाग्रस्थिता: ] લોકના અગ્રે સ્થિત અને [ नित्या: ] નિત્ય;- [ ईदशा: ] આવા, [ ते सिद्धा: ] તે સિદ્ધો [ भवन्ति ] હોય છે. ૭૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ( ૩ ) આચાર્યનું સ્વરૂપઃ

**પરિપૂર્ણ પંચાચારમાં,**
**વળી ધીર ગુણગંભીર છે;**
**પંચેંદ્રિગજના દર્પદલને**
**દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.**

[ पंचाचारसमग्राः ] પંચાચારોથી પરિપૂર્ણ, [ पंचेन्द्रियदंतिदर्प्पनिर्दलनाः ] પંચેન્દ્રિયરૂપી હાથીના મદનું દલન કરનાર, [ धीराः ] ધીર અને [ गुणगंभीराः ] ગુણગંભીર;–[ ईदृशाः ] આવા [ आचार्य्याः ] આચાર્યો [ भवन्ति ] હોય છે. ૭૩.

## ( ૪ ) ઉપાધ્યાયનું સ્વરૂપઃ

**રત્નત્રયે સંયુક્ત ને**
**નિઃકાક્ષભાવથી યુક્ત છે;**
**જિનવર કથિત અર્થોપદેશે-**
**શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

[ रत्नत्रयसंयुक्ता: ] રત્નત્રયથી સંયુક્ત, [ शूरा: जिनकथितपदार्थदेशका: ] જિનકથિત પદાર્થના શૂરવીર ઉપદેશક અને– [ नि:कांक्षभावसहिता: ] નિઃકાંક્ષભાવ સહિતઃ [ ईद्दशा: ] આવા, [ उपाध्याया: ] ઉપાધ્યાયો [ भवन्ति ] હોય છે. ૭૪.

**( ૫ ) સાધુનું સ્વરૂપઃ**

**નિર્ગ્રંથ છે, નિર્મોહ છે,**
**વ્યાપારથી પ્રવિમુક્ત છે;**
**ચઉવિધ આરાધન વિષે-**
**નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.**

[ व्यापारविप्रमुक्ता: ] વ્યાપારથી વિમુક્ત (–સમસ્ત વ્યાપાર રહિત), [ चतुर्विधाराधनासदा–रक्ता: ] ચાર પ્રકારની આરાધનામાં સદા રક્ત (–લીન), [ निर्ग्रन्था: ] નિર્ગ્રંથ અને [ निर्मोहा: ] નિર્મોહ;– [ एताद्दशा: ] આવા, [ साधव: ] સાધુઓ [ भवन्ति ] હોય છે. ૭૫.

## ( ૧ ) શ્રી અર્હંતનું વિશેષ સ્વરૂપઃ

અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય–એ ચાર તથા બાહ્ય ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્ય એમ બાહ્ય–અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ તે શ્રી અર્હંત ભગવાનને છે.

### દશ અતિશય જન્મથી હોય છેઃ

( ૧ ) મલ–મૂત્રનો અભાવ, ( ૨ ) પરસેવાનો અભાવ, ( ૩ ) ધોળું લોહી, ( ૪ ) સમચતુરસ્ર–સંસ્થાન, ( ૫ ) વજ્રવૃષભનારાચ સંહનન, ( ૬ ) સુંદર રૂપ, ( ૭ ) સુગંધ–શરીર, ( ૮ ) ઉત્તમ–ભલા લક્ષણ, ( ૯ ) અનંતબલ, ( ૧૦ ) મધુરવચન.

### દશ અતિશય કેવળજ્ઞાન ઊપજતાં હોય છેઃ

( ૧ ) ઉપસર્ગનો અભાવ, ( ૨ ) અદયાનો અભાવ, ( ૩ ) શરીરની છાયા પડે નહિ, ( ૪ ) ચાર મુખ દેખાય, ( ૫ ) સર્વ વિદ્યાનું સ્વામીપણું, ( ૬ ) આંખનું મટકું

ફરે નહિ, ( ૭ ) સો યોજન સુધી સુભિક્ષતા, ( ૮ ) આકાશ ગમન ( પૃથ્વીથી વીશ હજાર હાથ ઊંચે ), ( ૯ ) કવલાહાર નહીં, ( ૧૦ ) નખ કેશ વધે નહીં.

**ચૌદ અતિશય દેવકૃત હોય છે:**

( ૧ ) સકલઅર્ધમાગધીભાષા, ( ૨ ) સર્વ જીવોમાં મૈત્રીભાવ, ( ૩ ) સર્વ ઋતુનાં ફળ-ફૂલ ફળે, ( ૪ ) દર્પણસમાન ભૂમિ, ( ૫ ) કંટક રહિત ભૂમિ, ( ૬ ) મંદ સુગંધ પવન, ( ૭ ) સર્વને આનંદ, ( ૮ ) ગંધોદક વૃષ્ટિ, ( ૯ ) પગ તળે કમળ રચે, ( ૧૦ ) સર્વ ધાન્ય નિપજે, ( ૧૧ ) દસે દિશા નિર્મળ, ( ૧૨ ) આકાશમાં દેવોના આહ્વાન શબ્દ તથા જય-જય ધ્વનિ, ( ૧૩ ) ધર્મચક્ર આગળ ચાલે, ( ૧૪ ) આઠ મંગળ દ્રવ્ય આગળ ચાલે.

[ આઠ મંગળ દ્રવ્યનાં નામ: ( ૧ ) છત્ર, ( ૨ ) ધજા, ( ૩ ) દર્પણ, ( ૪ ) કળશ, ( ૫ ) ચામર, ( ૬ ) ઝારી, ( ૭ ) પંખો, ( ૮ ) ઠવણાં. )

**આઠ *પ્રાતિહાર્ય હોય છે તેનાં નામ:**

(૧) અશોકવૃક્ષ, (૨) પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિ, (૮) છત્ર.

## (૨) શ્રી સિદ્ધનું સ્વરૂપ:

(૧) સમ્યક્ત્વ, (૨) દર્શન, (૩) જ્ઞાન, (૪) વીર્ય, (૫) અગુરુલઘુ, (૬) અવગાહન, (૭) સૂક્ષ્મત્વ, (૮) અવ્યાબાધ. એ આઠ ગુણની શુદ્ધ પર્યાયો જેને પ્રગટ થઈ છે તે સિદ્ધ ભગવાન છે. આ આઠ ગુણો વ્યવહારનયથી છે, નિશ્ચયથી અનંત ગુણો છે.

## (૩) શ્રી આચાર્યનું સ્વરૂપ:

જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે,

* પ્રાતિહાર્ય: વિશેષ મહિમા બોધક ચિહ્ન.

પર દ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી, એવી અંતરંગ દશા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, ૨૮ મૂલગુણોને જેઓ અખંડિત પાળે છે.

**આવા આચાર્યના ૩૬ ગુણ:**

૧૦ ઉત્તમક્ષમાદિ ધર્મ, ૧૨ પ્રકારનાં તપ, ૫ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, એ **પાંચ** આચાર. ૬ આવશ્યક-(૧ સામાયિક, ૨ ચોવીશ તીર્થંકર અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, ૩ વંદના, ૪ પ્રતિક્રમણ, ૫ પ્રત્યાખ્યાન અને ૬ કાયોત્સર્ગ). ગુપ્તિ (મન-વચન-કાયગુપ્તિ) એ પ્રમાણે ૩૬ ગુણ પોતે પાળે છે તથા બીજા ભવ્યજીવોને પળાવે છે આવા આચાર્ય

મુનિઓના સંઘના અધિપતિ હોય છે.

## ( ૪ ) શ્રી ઉપાધ્યાયનું સ્વરૂપઃ

તેઓ પણ મુનિના ૨૮ મૂળગુણ તથા નિશ્ચય-સમ્યક્‌દર્શનાદિ સહિત છે, એવી અંતરંગદશા થતાં બાહ્ય દિગમ્બર સૌમ્યમુદ્રાધારી થયા છે, **આવા ઉપાધ્યાયના ૨૫ ગુણ**-૧૧ અંગ ૧૪ પૂર્વેને પોતે ભણે છે તથા પાસે રહેનાર ભવ્ય જીવોને ભણાવે છે (તે મુનિઓમાં શિક્ષક-અધ્યાપક હોય છે.)

## ( ૫ ) સર્વ સાધુ પરમેષ્ઠીનું સ્વરૂપઃ

જે નિશ્ચયસમ્યગ્દર્શનાદિ સહિત છે. વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિરૂપ

અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગદશા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થાય છે, ૨૮ મૂળગુણોને અખંડિત પાળે છે.

**સર્વ મુનિ ( સાધુ-શ્રમણ )ના ૨૮ મૂળગુણનાં નામ:**

**( ૫ ) મહાવ્રત**-( હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની વિરતિરૂપ પાંચ પ્રકાર )
**( ૫ ) સમિતિ**-( ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ, પ્રતિષ્ઠાપન )
**( ૫ ) ઇન્દ્રિયરોધ**-( પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ઇષ્ટ-અનિષ્ટ ન થવું )
**( ૬ ) આવશ્યક**-( સામાયિક, વંદના, ૨૪ તીર્થંકરની અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ )

( ૨૨ ) કેશ લોંચ, ( ૨૩ ) અચેલપણું એટલે વસ્ત્રરહિત-દિગંબરપણું, ( ૨૪ ) અસ્નાનતા,

( ૨૫ ) ભૂમિશયન, ( ૨૬ ) દાતણ ન કરવું, ( ૨૭ ) ઊભા ઊભા ભોજન, ( ૨૮ ) એક વખત આહાર.

[ આર્ચય-ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે નિશ્ચયરત્નત્રય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ-મુનિધર્મરૂપ- જે આત્મસ્વરૂપનું સાધન તે વડે પોતાના આત્મામાં સદા તત્પર ( સાવધાન-જાગ્રત ) રહે છે. બાહ્યમાં ૨૮ મૂળગુણોના ધારક હોય છે. તેમની પાસે દયાનું ઉપકરણ પીછી, શૌચનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. તેઓ શાસ્ત્રકથિત ૪૬ દોષ, ૩૨ અંતરાય, ૧૪ મલ દોષથી બચાવીને શુદ્ધ આહાર લે છે. તે જ મોક્ષમાર્ગના સાધક સાચા સાધુ છે અને એ જ ગુરુ કહેવાય છે. )

[ શ્રી અર્હંત અને સિદ્ધભગવાન તે દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે. )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



**શાસ્ત્રનું સ્વરૂપઃ-** જેમાં અનેકાન્તરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા જે સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ દેખાડે છે તે જૈનશાસ્ત્રો છે.

( મોક્ષમાર્ગ પ્ર○ પાનું ૨૨૮ )

**નવ દેવઃ-** અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ, જિનધર્મ, જિનવચન, જિનપ્રતિમા, જિનમંદિર, એ નવ દેવ છે.

**મંગલઃ-** શ્રી અરહંતાદિક જ પરમ મંગલ છે તેમાં ભક્તિભાવ થતાં પરમ મંગલ થાય છે. મંગ એટલે સુખ તેને લાતિ એટલે આપે અથવા ‘મં’ એટલે પાપ તેને ગાળે તે મંગળ છે.

**અર્હંત ભગવાન ૧૮ દોષ રહિત છે. તે દોષનાં નામઃ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ क्षुधा ] ક્ષુધા, [ तृषा ] તૃષા, [ भयं ] ભય, [ रोष ] રોષ ( ક્રોધ ), [ रागः ] રાગ, [ मोहः ] મોહ, [ चिन्ता ] ચિંતા, [ जराः ] જરા, [ रुजा ] રોગ, [ मृत्युः ] મૃત્યુ, [ स्वेद ] સ્વેદ ( પરસેવો ), [ खेदः ] ખેદ, [ मदः ] મદ, [ रतिः ] રતિ, [ विस्मयनिद्रेः ] વિસ્મય, નિદ્રા, [ जन्मोद्वेगौः ] જન્મ અને ઉદ્વેગ– ( આ અઢાર દોષ છે તે અર્હંતને કદી હોતા નથી. )

[ નિયમસાર ગાથા ૬ ]

**૧૮ દોષનાં નામઃ**

( દોહા )

જન્મ, જરા, તૃષા, ક્ષુધા, વિસ્મય, અરતિ, ખેદ, રોગ, શોક, મદ, મોહ, ભય, નિદ્રા, ચિન્તા, સ્વેદ, રાગ–દ્વેષ, અરુ મરણયુત એ અષ્ટાદશ દોષ, નહિં હોતે અરહંતકે સો છબિ લાયક મોક્ષ.

**પ્ર. - જૈનધર્મ શું છે ?**

**ઉ.** - જૈનધર્મ તે રાગદ્વેષ-અજ્ઞાનને જીતનાર આત્મસ્વભાવ છે. તેથી જેટલે અંશે રાગ-દ્વેષ-અજ્ઞાનનો નાશ કરે તેટલે અંશે જૈનપણું છે. જૈનપણાની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે.

**મિથ્યાત્વઃ-** પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું અન્યથા શ્રદ્ધાન.

## ચાર મંગળ

**ચત્તારિમંગલંઃ-** અરહંતામંગલં, સિદ્ધામંગલં, સાહૂમંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મોમંગલં.

**ચત્તારિલોગુત્તમા-** અરહંતાલોગુત્તમા, સિદ્ધલોગુત્તમા, સાહૂલોગુત્તમા, કેવલિપણ્ણત્તોધમ્મોલોગુત્તમા.

**ચત્તારિસરણંપવ્વજ્જામિ-** અરહંતેસરણં

પવ્વજ્જામિ, સિદ્ધેસરણં પવ્વજ્જામિ, સાહૂસરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તોધમ્મોસરણં પવ્વજ્જામિ.

**અર્થ:-** મંગલભૂત પદાર્થો ચાર જ છે–અરહંતો, સિદ્ધભગવંતો, સાધુઓ અને કેવલિ–કથિત ધર્મ.

લોકમાં ઉત્તમ તથા શરણરૂપ પણ ચાર જ છે–અરહંતદેવો, સિદ્ધપરમાત્માઓ, સાધુઓ અને કેવલિ–પ્રરૂપિત ધર્મ; તેથી જ હું એ ચાર–અરહંત ભગવંતો, સિદ્ધપરમાત્માઓ, સાધુઓ અને કેવલિ–પ્રરૂપિત ધર્મનું શરણ અંગીકાર કરું છું.

**મંગળ** = પાપને ગાળે, પવિત્રતાને લાવે એવા સ્વરૂપનું શ્રદ્ધાન–જ્ઞાન–આચરણ તે મંગળ છે.

ૐ = ઓમ, શુદ્ધાત્મા; તીર્થંકર–કેવળી ભગવાનની દિવ્યધ્વનિ; પંચ પરમેષ્ઠી.

**શ્રી** = કેવળજ્ઞાનરૂપી આત્મલક્ષ્મી.

**હ્રીં** = ચોવીશ તીર્થંકર.

**સ્વસ્તિ** = અવિનાશી કલ્યાણ થાઓ એવા આશીર્વાદ.

**સ્વસ્તિક** = સાથિયો, ચાર ગતિમાં ભ્રમણનો નાશ કરનાર.

**અનંતચતુષ્ટય** = અનંતદર્શન–જ્ઞાન–સુખ અને વીર્ય ( –બળ ).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)

ૐ

# શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા

## ( પ્રથમ વિભાગ )

ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં,
ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં

# પ્રશ્નોત્તર

**પ્ર. વિશ્વ કોને કહે છે ?**

ઉ. છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[ વિશ્વ-સમસ્ત પદાર્થો-દ્રવ્ય, ગુણ, પર્યાય. ]

( પ્રવચનસાર ગા૰ ૧૨૪ની ફુટનોટ )

છ દ્રવ્યનાં નામ-જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. સદાય આ છ દ્રવ્ય જ વિશ્વ છે. તેમાંથી કદી ઓછાં-વધતાં થતાં નથી.

**૧ પ્ર. દ્રવ્ય કોને કહે છે?**

ઉ. ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

**૨ પ્ર. ગુણ કોને કહે છે?**

ઉ. જે દ્રવ્યના સર્વ ભાગોમાં અને તેની સર્વ અવસ્થાઓમાં રહે તેને ગુણ કહે છે.

**૩ પ્ર. પર્યાય કોને કહે છે?**

ઉ. ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે.

**૪ પ્ર. ગુણોના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ–૧ સામાન્ય, ૨ વિશેષ.

**૫ પ્ર. સામાન્ય ગુણ કોને કહે છે?**

ઉ. જે, સર્વ દ્રવ્યોમાં વ્યાપે તેને સામાન્ય ગુણ કહે છે.

**૬ પ્ર. વિશેષ ગુણ કોને કહે છે?**

ઉ. જે, સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે, પોતે પોતાના દ્રવ્યમાં રહે તેને વિશેષ ગુણ કહે છે.

**૭ પ્ર. સામાન્ય ગુણ કેટલા છે?**

ઉ. અનેક છે, પરંતુ તેમાં મુખ્ય છ છે– ૧. અસ્તિત્વ, ૨. વસ્તુત્વ, ૩. દ્રવ્યત્વ. ૪. પ્રમેયત્વ, ૫. અગુરુલઘુત્વ, ૬. પ્રદેશત્વ.

**૮ પ્ર. અસ્તિત્વ ગુણ કોને કહે છે?**

ઉ. જે શક્તિના કારણે દ્રવ્યનો કદી પણ નાશ ન થાય, કોઈથી ઉત્પન્ન પણ ન થાય તેને અસ્તિત્વ ગુણ કહે છે.

## ૯ પ્ર. વસ્તુત્વ ગુણ કોને કહે છે?

ઉ. જે શક્તિના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા કરવાપણું હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે. જેમ કે ઘડાની અર્થક્રિયા જળ-ધારણ, આત્માની અર્થક્રિયા જાણવું વગેરે.

## ૧૦ પ્ર. દ્રવ્યત્વ ગુણ કોને કહે છે?

ઉ. જે શક્તિના કારણથી દ્રવ્યની અવસ્થાઓ નિરંતર બદલ્યા કરે છે તેને દ્રવ્યત્વગુણ કહે છે.

## ૧૧ પ્ર. પ્રમેયત્વ ગુણ કોને કહે છે?

ઉ. જે, શક્તિના કારણથી દ્રવ્ય કોઈ ને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેયત્વગુણ કહે છે.

**૧૨ પ્ર. અગુરુલઘુત્વ ગુણ કોને કહે છે?**

ઉ. જે, શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ (૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન થાય, (૨) એક ગુણ બીજા ગુણ રૂપે ન થાય અને (૩) એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય, તે શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહે છે.

**૧૩ પ્ર. પ્રદેશત્વ ગુણ કોને કહે છે?**

ઉ. જે, શક્તિના કારણે દ્રવ્યનો કોઈ ને કોઈ આકાર અવશ્ય હોય, તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

**૧૪ પ્ર. દ્રવ્યના કેટલા ભેદ છે?**

ઉ. છ ભેદ છે–જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

## ૧૫ પ્ર. પ્રત્યેક દ્રવ્યમાં કયા કયા વિશેષ ગુણ છે ?

ઉ. જીવ દ્રવ્યમાં ચૈતન્ય (-દર્શન-જ્ઞાન), સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ *ક્રિયાવતી શક્તિ વગેરે. પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શક્તિ વગેરે. ધર્મ. દ્રવ્યમાં ગતિહેતુત્વ વગેરે. અધર્મ દ્રવ્યમાં સ્થિતિ.

---

* ક્રિયાવતી શક્તિ-જીવ અને પુદ્ગલમાં પોતપોતાની ક્રિયાવતી શક્તિ નામનો ગુણ નિત્ય છે અને પોતપોતાની યોગ્યતાનુસાર કોઈ વાર ગતિ-ક્ષેત્રાન્તરરૂપ પર્યાય થાય છે, કોઈ વાર સ્થિર રહેવારૂપ પર્યાય થાય છે. કોઈ અન્ય દ્રવ્ય (જીવ કે પુદ્ગલ), એકબીજાને ગમન કે સ્થિર કરાવી શકતા નથી પણ તે બન્ને દ્રવ્ય પોતપોતાની ક્રિયાવતી શક્તિની તે સમયની યોગ્યતા પ્રમાણે પોતાથી ગમન કરે છે કે સ્થિર થાય છે.

હેતુત્વ વગેરે. આકાશ દ્રવ્યમાં અવગાહન-હેતુત્વ વગેરે. કાળ દ્રવ્યમાં પરિણમનહેતુત્વ વગેરે.

**૧૬ પ્ર. જીવ દ્રવ્ય કોને કહે છે?**

ઉ. જેમાં ચેતના અર્થાત્ જ્ઞાન-દર્શનરૂપ શક્તિ છે તેને જીવ દ્રવ્ય કહે છે ( જીવ = આત્મા ).

**૧૭ પ્ર. પુદ્ગલ દ્રવ્ય કોને કહે છે?**

ઉ. જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ગુણો હોય તેને પુદ્ગલ દ્રવ્ય કહે છે.

**૧૮ પ્ર. પુદ્ગલના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે- પરમાણુ અને સ્કંધ.

**૧૯ પ્ર. પરમાણુ કોને કહે છે?**

ઉ. જેનો બીજો ભાગ થઈ શકતો નથી એવા સૌથી નાના પુદ્ગલને પરમાણુ કહે છે.

**૨૦ પ્ર. સ્કંધ કોને કહે છે?**

ઉ. બે કે બેથી અધિક પરમાણુઓના બંધને સ્કંધ કહે છે.

**૨૧ પ્ર. બંધ કોને કહે છે?**

ઉ. જે સંબંધ વિશેષથી અનેક વસ્તુમાં એકપણાનું જ્ઞાન થાય તે સંબંધ વિશેષને બંધ કહે છે.

**૨૨ પ્ર. સ્કંધના કેટલા ભેદ છે?**

ઉ. આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્માણવર્ગણા આદિ ૨૨ ભેદ છે.

**૨૩ પ્ર. આહારવર્ગણા કોને કહે છે?**

ઉ. જે, ઔદારિક, વૈક્રિયક અને આહારક એ ત્રણ શરીરરૂપે પરિણમે તેને આહારવર્ગણા કહે છે.

## ૨૪ પ્ર. તૈજસવર્ગણા કોને કહે છે?

ઉ. જે વર્ગણાથી તૈજસ શરીર બને છે તેને તૈજસવર્ગણા કહે છે.

## ૨૫ પ્ર. ભાષાવર્ગણા કોને કહે છે?

ઉ. જે વર્ગણા શબ્દરૂપે પરિણમે, તેને ભાષાવર્ગણા કહે છે.

## ૨૬ પ્ર. મનોવર્ગણા કોને કહે છે?

ઉ. જે વર્ગણાથી (પુદ્‌ગલ સ્કંધથી) અષ્ટદલકમળના આકારે દ્રવ્યમનની રચના થાય તેને મનોવર્ગણા કહે છે.

## ૨૭ પ્ર. કાર્માણવર્ગણા કોને કહે છે ?

ઉ. જે વર્ગણા (પુદ્‌ગલ સ્કંધ) થી કાર્માણશરીર બને તેને કાર્માણવર્ગણા કહે છે.

## ૨૮ પ્ર. શરીર કેટલાં છે ?

ઉ. શરીર પાંચ છે- ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્માણ.

## ૨૯ પ્ર. ઔદારિક શરીર કોને કહે છે ?

ઉ. મનુષ્ય અને તિર્યંચના (-પશુના) સ્થૂળ શરીરને ઔદારિક શરીર કહે છે.

## ૩૦ પ્ર. વૈક્રિયક શરીર કોને કહે છે ?

ઉ. જે, નાનાં-મોટાં, પૃથક્-અપૃથક્ આદિ અનેક ક્રિયાઓ કરે એવા દેવ અને નારકીઓનાં શરીરને વૈક્રિયક શરીર કહે છે.

## ૩૧ પ્ર. આહારક શરીર કોને કહે છે?

ઉ. આહારક ઋદ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને તત્ત્વોમાં કોઈ શંકા થતાં અથવા જિનાલય આદિની વંદના કરવા માટે મસ્તકમાંથી એક હાથ પ્રમાણ સ્વચ્છ અને સફેદ, સાત ધાતુ રહિત પુરુષાકાર જે પૂતળું નીકળે છે તેને આહારક શરીર કહે છે.

## ૩૨ પ્ર. તૈજસ શરીર કોને કહે છે?

ઉ. ઔદારિક, વૈક્રિયક અને આહારક એ ત્રણ શરીરોમાં કાંતિ ઉત્પન્ન થવામાં નિમિત્ત છે તે શરીરને તૈજસ શરીર કહે છે.

## ૩૩ પ્ર. કાર્માણ શરીર કોને કહે છે.

ઉ. આઠ કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે.

## ૩૪ પ્ર. એક જીવને એક સાથે કેટલાં શરીર હોઈ શકે ?

ઉ. એક જીવને એક સાથે ઓછામાં ઓછાં બે અને વધારેમાં વધારે ચાર શરીર હોય છે. ખુલાસો આ રીતે છે–વિગ્રહ ગતિમાં તૈજસ અને કાર્માણ, મનુષ્ય અને તિર્યંચને ઔદારિક, તૈજસ અને કાર્માણ, દેવ તથા નારકીઓને વૈક્રિયક, તૈજસ અને કાર્માણ તથા આહારક ઋદ્ધિધારી મુનિઓને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્માણ શરીર હોય છે.

## ૩૫ પ્ર. ધર્મદ્રવ્ય કોને કહે છે ?

ઉ. જે, સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં નિમિત્ત હોય તેને ધર્મદ્રવ્ય કહે છે, જેમ ગતિ કરતી માછલીને ગતિ કરવામાં પાણી.

## ૩૬ પ્ર. અધર્મદ્રવ્ય કોને કહે છે ?

ઉ. સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમતા જીવ અને પુદ્‌ગલને સ્થિર થવામાં જે નિમિત્ત હોય તેને અધર્મદ્રવ્ય કહે છે. જેમ મુસાફરને સ્થિર થવા માટે ઝાડનો છાંયો.

## ૩૭ પ્ર. આકાશદ્રવ્ય કોને કહે છે ?

ઉ. જે જીવાદિ પાંચે દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે તેને આકાશદ્રવ્ય કહે છે. આકાશદ્રવ્ય સર્વવ્યાપક છે, સર્વત્ર છે.

## ૩૮ પ્ર. આકાશના કેટલા ભેદ છે ?

ઉ. આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. લોકાકાશ તથા અલોકાકાશ તેના ભેદ છે.

## ૩૯ પ્ર. લોકાકાશ કોને કહે છે?

ઉ. જ્યાં સુધી જીવ, પુદ્દગલ, ધર્મ, અધર્મ અને કાળ એ સમસ્ત દ્રવ્યો છે ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે. [ લોકની મોટાઈ, ઊંચાઈ–પહોળાઈ માટે જુઓ પૃ. ૧૦૫ પરિશિષ્ટ ]

## ૪૦ પ્ર. અલોકાકાશ કોને કહે છે?

ઉ. લોકાકાશની બહારના અનંત આકાશને અલોકાકાશ છે.

## ૪૧ પ્ર. કાળદ્રવ્ય કોને કહે છે?

ઉ. પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિ દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્ત હોય તેને કાળદ્રવ્ય કહે છે, જેમકે કુંભારના ચાકને ફરવા માટે લોઢાનો ખીલો.

## ૪૨ પ્ર. કાળદ્રવ્યના કેટલા ભેદ છે?

ઉ. બે ભેદ છે. નિશ્ચયકાળ અને વ્યવહારકાળ.

**૪૩ પ્ર. નિશ્ચયકાળ કોને કહે છે?**

ઉ. કાળદ્રવ્યને નિશ્ચયકાળ કહે છે. લોકાકાશના એકેક પ્રદેશ ઉપર એકેક કાળદ્રવ્ય (કાલાણુ) સ્થિત છે.

**૪૪ પ્ર. વ્યવહારકાળ કોને કહે છે?**

ઉ. વર્ષ, મહિના, દિવસ, ઘડી, પળ વગેરેને વ્યવહારકાળ કહે છે. (તે કાળદ્રવ્યની પર્યાય છે.)

**૪૫ પ્ર. જીવાદિદ્રવ્ય કેટકેટલાં છે અને ક્યાં રહે છે?**

ઉ. જીવ દ્રવ્ય અનંતાનંત છે અને સમસ્ત લોકાકાશમાં ભરેલાં છે. જીવ દ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્‌ગલદ્રવ્ય છે અને તે સંપૂર્ણ લોકમાં ભરેલાં છે. ધર્મ અને અધર્મદ્રવ્ય એકેક છે અને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે.

આકાશદ્રવ્ય એક છે અને લોક તથા અલોકમાં વ્યાપ્ત છે. કાળદ્રવ્ય અસંખ્યાત છે અને સમસ્ત લોકાકાશમાં પ્રાપ્ત છે.

## ૪૬ પ્ર. પ્રત્યેક જીવ કેવડો મોટો છે?

ઉ. પ્રત્યેક જીવ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ લોકાકાશની બરાબર અસંખ્ય પ્રદેશવાળો છે પરંતુ સંકોચ-વિસ્તારના કારણે પોતાના શરીર પ્રમાણ છે અને મુક્ત જીવ અંતના શરીર પ્રમાણ છે.

## ૪૭ પ્ર. લોકાકાશ બરાબર ક્યો જીવ થાય છે?

ઉ. મોક્ષ જતાં પહેલાં કેવળીસમુદ્‌ઘાત કરનાર જીવ લોકાકાશ જેવડો મોટો થાય છે.

## ૪૮ પ્ર. સમુદ્‌ઘાત કોને કહે છે?

ઉ. મૂળ શરીરને છોડયા વિના આત્માના પ્રદેશોનું બહાર નીકળવું તેને સમુદ્‌ઘાત કહે છે અને તે પ્રદેશત્વ ગુણની પર્યાય છે.

**૪૯ પ્ર. અસ્તિકાય કોને કહે છે?**

ઉ. બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે.

**૫૦ પ્ર. કેટલાં દ્રવ્ય અસ્તિકાય છે.**

ઉ. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્ય અસ્તિકાય છે.

**૫૧ પ્ર. કાળદ્રવ્ય અસ્તિકાય કેમ નથી?**

ઉ. કાળદ્રવ્ય એકપ્રદેશી છે તેથી તે અસ્તિકાય નથી.

**૫૨ પ્ર. પુદ્‌ગલ પરમાણુ પણ એકપ્રદેશી છે, તો પણ તે અસ્તિકાય કેવી રીતે છે?**

ઉ. જોકે પુદ્ગલપરમાણુ એકપ્રદેશી છે તોપણ તેનામાં સ્કંધરૂપે થઈને બહુપ્રદેશી થવાની શક્તિ છે તેથી ઉપચારથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે.

**૫૩ પ્ર. પ્રદેશ કોને કહે છે?**

ઉ. આકાશના જેટલા ભાગને એક પુદ્ગલ-પરમાણુ રોકે તેને પ્રદેશ કહે છે.

**૫૪ પ્ર. કયા કયા દ્રવ્યને કેટલા પ્રદેશ છે?**

ઉ. જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશને અસંખ્યાત પ્રદેશ છે, કાળદ્રવ્ય અને પુદ્ગલપરમાણુ દ્રવ્ય એકેક પ્રદેશી છે.

(પુદ્ગલ દ્રવ્યને સંખ્યાત, અસંખ્યાત અને અનંત-એમ ત્રણે પ્રકારના પ્રદેશ છે.)

**૫૫ પ્ર. ઉત્પાદ કોને કહે છે ?**

ઉ. દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે.

**૫૬ પ્ર. વ્યય કોને કહે છે ?**

ઉ. દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે.

**૫૭ પ્ર. ધ્રૌવ્ય કોને કહે છે ?**

ઉ. પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઈ અવસ્થાની નિત્યતાને ધ્રૌવ્ય કહે છે.

**૫૮ પ્ર. પર્યાયના કેટલા ભેદ છે ?**

ઉ. વ્યંજન પર્યાય અને અર્થપર્યાય એમ બે ભેદ છે.

**૫૯ પ્ર. વ્યંજનપર્યાય કોને કહે છે ?**

ઉ. દ્રવ્યના પ્રદેશત્વગુણ ના વિકાસને (પરિણમનને) વ્યંજનપર્યાય કહે છે.

**૬૦ પ્ર. વ્યંજન પર્યાયના કેટલાક ભેદ છે?**

ઉ. બે ભેદ છે. સ્વભાવવ્યંજન પર્યાય અને વિભાવવ્યંજન પર્યાય.

**૬૧ પ્ર. સ્વભાવવ્યંજન પર્યાય કોને કહે છે?**

ઉ. પર નિમિત્તના સંબંધ રહિત દ્રવ્યનો જે આકાર હોય, તેને સ્વભાવવ્યંજન પર્યાય કહે છે, જેમ કે જીવની સિદ્ધ પર્યાય.

**૬૨ પ્ર. વિભાવવ્યંજન પર્યાય કોને કહે છે?**

ઉ. પર નિમિત્તના સંબંધથી દ્રવ્યનો જે આકાર થાય તેને વિભાવવ્યંજન પર્યાય કહે છે. જેમ કે જીવની નર, નારકાદિ પર્યાય.

**૬૩ પ્ર. અર્થપર્યાય કોને કહે છે?**

ઉ. પ્રદેશત્વગુણ સિવાય બાકીના બધાય ગુણોના વિકારને અર્થપર્યાય કહે છે.

**૬૪ પ્ર. અર્થપર્યાયના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે- સ્વભાવઅર્થ પર્યાય અને વિભાવઅર્થ પર્યાય.

( અર્થપર્યાય = ગુણપર્યાય )

**૬૫ પ્ર. સ્વભાવઅર્થપર્યાય કોને કહે છે?**

ઉ. પર નિમિત્તના સંબંધ રહિત જે અર્થપર્યાય થાય તેને સ્વભાવઅર્થપર્યાય કહે છે. જેમ કે જીવની કેવળજ્ઞાન પર્યાય.

( જ્ઞાનગુણની પૂર્ણ અવસ્થા = કેવળજ્ઞાન )

**૬૬ પ્ર. વિભાવઅર્થપર્યાય કોને કહે છે?**

ઉ. પર નિમિત્તના સંબંધથી જે અર્થપર્યાય થાય તેને વિભાવઅર્થપર્યાય કહે છે. જેમ કે જીવના રાગ-દ્વેષાદિક.

**૬૭ પ્ર. કયા કયા દ્રવ્યમાં કઈ કઈ પર્યાયો થાય છે ?**

ઉ. જીવ અને પુદ્‌ગલદ્રવ્યમાં સ્વભાવઅર્થપર્યાય, વિભાવઅર્થપર્યાય, સ્વભાવ-વ્યંજનપર્યાય અને વિભાવવ્યંજન પર્યાય એમ ચારે પર્યાયો થાય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યમાં સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવ-વ્યંજનપર્યાય એમ ફક્ત બે પર્યાયો થાય છે.

**૬૮ પ્ર. અનુજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. ભાવસ્વરૂપી ગુણને અનુજીવી ગુણ કહે છે. જેમ કે દર્શન-જ્ઞાનરૂપ ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણાદિ.

**૬૯ પ્ર. પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. વસ્તુના અભાવસ્વરૂપ ધર્મને પ્રતિજીવી ગુણ કહે છે. જેમ કે નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ આદિ.

**૭૦ પ્ર. જીવોના અનુજીવી ગુણ કયા છે?**

ઉ. ચેતના, સમ્યક્ત્વ (-શ્રદ્ધા), ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિકત્વ, કર્તૃત્વ ઇત્યાદિ અનંત ગુણ છે.

**૭૧ પ્ર. જીવના પ્રતિજીવી ગુણ કયા કયા છે?**

ઉ. અવ્યાબાધ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ ઇત્યાદિ.

**૭૨ પ્ર. ચેતના કોને કહે છે?**

ઉ. જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે.

**૭૩ પ્ર. ચેતનાના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે–દર્શનચેતના અને જ્ઞાનચેતના.

**૭૪ પ્ર. દર્શનચેતના કોને કહે છે?**

ઉ. જેમાં પદાર્થોનો ભેદ રહિત સામાન્ય પ્રતિભાસ (અવલોકન) થાય તેને દર્શનચેતના કહે છે.

**૭૫ પ્ર. જ્ઞાનચેતના કોને કહે છે?**

ઉ. જેમાં પદાર્થોનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાનચેતના કહે છે.

**૭૬ પ્ર. દર્શનચેતનાના કેટલા ભેદ છે?**

ઉ. ચાર ભેદ છે–ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**૭૭ પ્ર. ચક્ષુદર્શન કોને કહે છે?**

ઉ. ચક્ષુ ઇન્દ્રિય દ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના સામાન્ય પ્રતિભાસને ચક્ષુદર્શન કહે છે.

## ૭૮ પ્ર. અચક્ષુદર્શન કોને કહે છે ?

ઉ. ચક્ષુ ઇન્દ્રિય સિવાય બાકીની ચાર ઇન્દ્રિય અને મન દ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના સામાન્ય પ્રતિભાસને અચક્ષુદર્શન કહે છે.

## ૭૯ પ્ર. અવધિદર્શન કોને કહે છે ?

ઉ. અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસને અવધિદર્શન કહે છે.

## ૮૦ પ્ર. કેવળદર્શન કોને કહે છે ?

ઉ. કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય પ્રતિભાસને કેવળદર્શન કહે છે. આત્મા સ્વપરનો દર્શન અને સ્વ-પરનો જ્ઞાયક છે.

## ૮૧ પ્ર. દર્શન ક્યારે ઉત્પન્ન થાય છે?

ઉ. છદ્મસ્થ જીવોને જ્ઞાન પહેલાં અને કેવળજ્ઞાનીઓને જ્ઞાનની સાથે સાથે જ દર્શન ( ઉપયોગ ) થાય છે.

## ૮૨ પ્ર. જ્ઞાનચેતનાના કેટલા ભેદ છે?

ઉ. પાંચ ભેદ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન.

## ૮૩ પ્ર. મતિજ્ઞાન કોને કહે છે?

ઉ. (૧) પરાશ્રયની બુદ્ધિ છોડીને, દર્શન ઉપયોગપૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ ઇન્દ્રિય અને મન જેમાં નિમિત્તમાત્ર છે એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. ( મતિજ્ઞાનના ભેદ માટે જુઓ પૃ. ૧૦૬ પરિશિષ્ટ )

## ૮૪ પ્ર. શ્રુતજ્ઞાન કોને કહે છે?

ઉ. મતિજ્ઞાનથી જાણેલા પદાર્થના સંબંધથી અન્ય પદાર્થને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે, જેમ કે-'ઘડો' શબ્દ સાંભળ્યા પછી ઉત્પન્ન થયેલ કાંઠલો આદિરૂપે ઘડાનું જ્ઞાન [આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવશ્રુત જ્ઞાન કહે છે.]

**૮૫ પ્ર. અવધિજ્ઞાન કોને કહે છે?**

ઉ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી રૂપી પદાર્થોના સ્પષ્ટજ્ઞાનને અવધિજ્ઞાન કહે છે.

**૮૬ પ્ર. મન:પર્યાયજ્ઞાન કોને કહે છે?**

ઉ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી બીજાના મનમાં સ્થિત રૂપી વિષયનું સ્પષ્ટ જ્ઞાન થવું તેને મન:પર્યાયજ્ઞાન કહે છે. *

---

* [શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે કે:-

# ૮૭ પ્ર. કેવળજ્ઞાન કોને કહે છે ?

---

પ્રત્યેક દ્રવ્યમાં ક્રમબદ્ધ (ક્રમ નિયમિત) પર્યાય થાય છે. આગળ-પાછળ થતી નથી.

ક્રમબદ્ધ, યોગ્યતા અને નિયતિના અર્થમાં સિદ્ધાંતશાસ્ત્રી પં. ફૂલચંદ્રજી (વારાસણી) એ પંચાધ્યાયી શાસ્ત્રની ટીકા પૃ. ૧૬૨, અ૦ ૨, ગા૦ ૬૧ થી ૭૦માં કહ્યું છે કેઃ- 'નિયતિનો અર્થ એમ છે કે તે કાર્યરૂપ થવાની યોગ્યતા ક્રમબદ્ધ અને નિયમિત છે.'

સત્ અર્થાત્ સ્વતંત્ર અસ્તિપણું દ્રવ્યનું લક્ષણ હોવાથી દ્રવ્ય સત્, ગુણ સત્ છે અને પ્રત્યેક સમયની પર્યાય પણ સ્વતંત્ર સત્ છે અને તેથી કોઈ કોઈનું કાંઈ પણ કરી શકતું નથી એવો નિર્ણય કરવો-સ્વસન્મુખ જ્ઞાતા થવું તે સાચો પુરુષાર્થ છે.)

ઉ. જે ત્રણકાળવર્તી સર્વ પદાર્થોને ( * અનંત ધર્માત્મક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને ) પ્રત્યેક સમયમાં યથાવસ્થિત, પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એક સાથે જાણે છે તેને કેવળજ્ઞાન કહે છે.

## ૮૭ પ્ર. ( अ ) અનેકાન્ત કોને કહે છે ?

ઉ. પ્રત્યેક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી ( સિદ્ધ કરનારી ) અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ

---

* [ દ્રવ્ય, ગુણ, પર્યાયને કેવળી ભગવાન જાણે છે પરંતુ તેના અપેક્ષિત ધર્મોને જાણી શકતા નથી, વિશેષને જાણતા નથી એમ માનવું અસત્ય છે. અને તેઓ અનંતને કે માત્ર પોતાના આત્માને જ જાણે છે પણ સર્વથા ( સર્વ પ્રકારે ) ન જાણે એમ માનવું તે પણ ન્યાયથી વિરુદ્ધ છે કેવળજ્ઞાની ભગવાન સર્વજ્ઞ હોવાથી અનેકાન્તાત્મક પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણે છે. )

પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. આત્મા સદા સ્વ-રૂપે છે અને પર-રૂપે નથી એવી જે દ્દષ્ટિ તે જ ખરી અનેકાન્તદ્દષ્ટિ છે.

**૮૮ પ્ર. એક સમયમાં એક જીવને કેટલાં જ્ઞાન હોઈ શકે?**

ઉ. એક સમયમાં એક જીવને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ચાર જ્ઞાન હોય છે. તેનો ખુલાસો આ રીતે છે-એક કેવળજ્ઞાન જ હોય છે. બે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મન:પર્યાયજ્ઞાન હોય છે. ચાર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યાયજ્ઞાન હોય છે.

## ૮૯ પ્ર. સમ્યક્ત્વ ( શ્રદ્ધા ) ગુણ કોને કહે છે ?

ઉ. **જે ગુણની નિર્મળદશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ (યથાર્થ પ્રતીત )** થાય. ૧ સાચા દેવ-ગુરુ-ધર્મમાં દઢ પ્રતીતિ, ૨ જીવાદિ સાત તત્ત્વોની સાચી પ્રતીતિ, ૩ સ્વ-પરનું શ્રદ્ધાન, ૪ આત્મશ્રદ્ધાન, -આ લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રદ્ધાન થાય છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. ( તે પર્યાયનો ધારક સમ્યક્ત્વ ( શ્રદ્ધા ) ગુણ છે, સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તેની પર્યાયો છે. )

## ૯૦ પ્ર. જૈન કોને કહે છે ?

ઉ. નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયથી મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિને જીતનારી નિર્મળ પરિણતિ જેણે પ્રગટ કરી છે તે જ જૈન છે. મિથ્યાત્વના નાશપૂર્વક જેટલા અંશે જે રાગાદિનો

નાશ કરે છે તેટલા અંશે તે જૈન છે. વાસ્તવમાં જૈનત્વનો પ્રારંભ નિશ્ચયસમ્યગ્દર્શનથી જ થાય છે.

## ૯૧ પ્ર. ચારિત્ર કોને કહે છે?

ઉ. નિશ્ચયસમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ચરણ કરવું (રમવું); પોતાના સ્વભાવમાં અકષાય પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે અને તે ચારિત્ર, મિથ્યાત્વ અને અસ્થિરતા રહિત અત્યંત *નિર્વિકાર એવો જીવનો પરિણામ છે. અને આવી પર્યાયોને ધારણ કરનાર ગુણને ચારિત્ર ગુણ કહે છે.

---

* [આવાં પરિણામોને સ્વરૂપસ્થિરતા, નિશ્ચલતા, વીતરાગતા, સામ્યધર્મ અને ચારિત્ર કહે છે. આત્માના ચારિત્રગુણની આવી શુદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે બાહ્ય અને અભ્યંતર ક્રિયાનો યથાસંભવ નિરોધ થઈ જાય છે.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



## ૯૨ પ્ર. કષાય કોને કહે છે?

ઉ. મિથ્યાત્વ અને ક્રોધ-માન-માયા-લોભરૂપ આત્માની વિભાવપરિણતિને કષાય કહે છે.

## ૯૩ પ્ર. ચારિત્રના કેટલા ભેદ છે?

ઉ. ચાર ભેદ છે-સ્વરૂપાચરણ ચારિત્ર, દેશચારિત્ર, સકલ ચારિત્ર અને યથાખ્યાતચારિત્ર.

## ૯૪ પ્ર. સ્વરૂપાચરણ ચારિત્ર કોને કહે છે?

ઉ. નિશ્ચયસમ્યગ્દર્શન થતાં આત્માનુભવપૂર્વક આત્મસ્વરૂપમાં જે સ્થિરતા થાય છે તેને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. ( અવિરત સમ્યગ્દષ્ટિને પણ મોક્ષના કારણરૂપ જઘન્ય ચારિત્ર ( સ્વરૂપાચરણ ) હોય છે. -( પુ. સિ ગા. ૧૭૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



## ૯૫ પ્ર. દેશચારિત્ર કોને કહે છે ?

ઉ. નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની આંશિક શુદ્ધિ થવાથી, (અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાની કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુદ્ધિવિશેષને દેશચારિત્ર કહે છે.

(આ શ્રાવકદશામાં વ્રતાદિરૂપ શુભભાવ હોય છે.)

(શુદ્ધ દેશચારિત્રથી ધર્મ થાય છે અને વ્યવહારવ્રતથી બંધ થાય છે. નિશ્ચયચારિત્ર વિના સાચું વ્યવહારચારિત્ર હોઈ શકે નહિ.)

## ૯૬ પ્ર. સકલ ચારિત્ર કોને કહે છે ?

ઉ. નિશ્ચય સમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની શુદ્ધિની વૃદ્ધિ થવાથી (અનંતાનુબંધી આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ત્રણ જાતિના કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન (ભાવલિંગી મુનિપદને યોગ્ય) આત્માની શુદ્ધિ વિશેષને સકલ ચારિત્ર કહે છે. અને મુનિપદમાં ૨૮ મૂળ ગુણ આદિના શુભ ભાવ હોય છે તેને વ્યવહાર સકલ ચારિત્ર કહે છે.

(નિશ્ચયચારિત્ર આત્માશ્રિત હોવાથી મોક્ષમાર્ગ છે. ધર્મ છે અને વ્યવહારચારિત્ર પરાશ્રિત હોવાથી બંધમાર્ગ છે, ધર્મ નથી.)

**૯૭ પ્ર. યથાખ્યાત ચારિત્ર કોને કહે છે?**

ઉ. નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્ર ગુણની પૂર્ણ શુદ્ધતા થવાથી કષાયોના સર્વથા અભાવપૂર્વક ઉત્પન્ન આત્માની શુદ્ધ વિશેષને યથાખ્યાત ચારિત્ર કહે છે.

**૯૮ પ્ર. સુખ કોને કહે છે ?**

ઉ. નિરાકુળ આનંદસ્વરૂપ આત્માના પરિણામવિશેષને સુખ કહે છે.

**૯૯ પ્ર. વીર્ય કોને કહે છે ?**

ઉ. આત્માની શક્તિ-સામર્થ્યને (-બળને) વીર્ય કહે છે.

**૧૦૦ પ્ર. ભવ્યત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા રહે છે તે ગુણને *ભવ્યત્વગુણ કહે છે.

**૧૦૧ પ્ર. અભવ્યત્વગુણ કોને કહે છે ?**

ઉ. જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન-

---

* [ભવ્યત્વગુણ સદા ભવ્ય જીવોમાં જ છે અને અભવ્યત્વ ગુણ સદા અભવ્ય જીવોમાં જ છે.)

જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા ન હોય, તે ગુણને અભવ્યત્વગુણ કહે છે.

**૧૦૨ પ્ર. જીવત્વગુણ કોણ કહે છે?**

ઉ. આત્મદ્રવ્યના કારણભૂત ચૈતન્યમાત્ર-ભાવરૂપ ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે તે શક્તિને જીવત્વગુણ કહે છે.

**૧૦૩ પ્ર. પ્રાણના કેટલા ભેદ છે?**

ઉ. બે ભેદ છે-દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ.

**૧૦૪ પ્ર. દ્રવ્યપ્રાણના કેટલા ભેદ છે?**

ઉ. દશ ભેદ છે-પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ (આ બધી પુદ્ગલ દ્રવ્યોની પર્યાયો છે. જીવોને આ દ્રવ્યપ્રાણોના સંયોગથી જીવન અને વિયોગથી મરણરૂપ અવસ્થા વ્યવહારથી કહેવાય છે.)

**૧૦૫ પ્ર. ભાવપ્રાણ કોને કહે છે ?**

ઉ. ચૈતન્ય અને બળ પ્રાણ એને ભાવપ્રાણ કહે છે.

**૧૦૬ પ્ર. ભાવપ્રાણના કેટલા ભેદ છે ?**

ઉ. બે ભેદ છે. * ભાવેન્દ્રિય અને બળ પ્રાણ.

**૧૦૭ પ્ર. ભાવેન્દ્રિયના કેટલા ભેદ છે ?**

ઉ. પાંચ ભેદ છે. સ્પર્શેન્દ્રિય, રશેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય.

---

* [ આ ભેદ સંસારી જીવોમાં છે. ભાવેન્દ્રિયો બધી ચેતન છે. આ જ્ઞાનની મતિરૂપ પર્યાયો છે. )

## ૧૦૮ પ્ર. ભાવબળપ્રાણના કેટલા ભેદ છે?

ઉ. ત્રણ ભેદ છે. મનોબળ, વચનબળ અને [1]કાયબળ.

## ૧૦૯ પ્ર. વૈભાવિકગુણ કોને કહે છે?

ઉ. આ એક વિશેષભાવવાળો ગુણ છે–જે * ગુણના કારણે પરદ્રવ્ય (–નિમિત્ત) ના સંબંધપૂર્વક સ્વયં પોતાની યોગ્યતાથી અશુદ્ધ પર્યાયો થાય છે.

---

૧. ભાવબળપ્રાણ જીવના વીર્યગુણની પર્યાયો છે. દ્રવ્યબળપ્રાણ પુદ્ગલના વીર્યગુણની પર્યાયો છે.

* [ આ વૈભાવિકગુણ જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોમાં જ છે, બાકીના ચાર દ્રવ્યોમાં નથી. મુક્ત જીવોમાં આ ગુણની શુદ્ધ–સ્વાભાવિક પર્યાય થાય છે. )

( કયા જીવને કેટલા પ્રાણ હોય છે તે માટે જુઓ પૃ. ૧૦૯ પરિશિષ્ટ. )

**૧૧૦ પ્ર. અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. વેદનીય કર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તેને અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કહે છે.

**૧૧૧ પ્ર. અવગાહત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. આયુકર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે ગુણને અવગાહત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

**૧૧૨ પ્ર. અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. ગોત્રકર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે અને ઉચ્ચ-નીચતાનો

વ્યવહાર પણ દૂર થઈ જાય છે તે ગુણને અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

## ૧૧૩ પ્ર. સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે?

ઉ. નામકર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે ગુણને સૂક્ષ્મત્વ ગુણ કહે છે.

## ૧૧૪ પ્ર. અભાવ કોને કહે છે?

ઉ. એક પદાર્થમાં બીજા પદાર્થનું ન હોવું તેને અભાવ કહે છે.

## ૧૧૫ પ્ર. અભાવના ચાર ભેદ છે? ને કયા?

ઉ. અભાવના ચાર ભેદ છે. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ.

## ૧૧૬ પ્ર. પ્રાગભાવ કોને કહે છે?

ઉ. વર્તમાન પર્યાયનો પૂર્વપર્યાયમાં જે અભાવ તેને પ્રાગભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો કાર્ય અનાદિ ઠરે)

## ૧૧૭ પ્ર. પ્રધ્વંસાભાવ કોને કહે છે?

ઉ. એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો તે જ દ્રવ્યની ભવિષ્યમાં થનારી પર્યાયમાં અભાવ હોવો તેને પ્રધ્વંસાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો તે જ કાર્ય અનંતકાળ રહે.)

## ૧૧૮ પ્ર. અન્યોન્યાભાવ કોને કહે છે?

ઉ. પુદ્‌ગલદ્રવ્યની એક વર્તમાન પર્યાયનો બીજા પુદ્‌ગલની વર્તમાન પર્યાયમાં જે અભાવ તેને અન્યોન્યાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો એક

પુદ્દગલ દ્રવ્યની વર્તમાન પર્યાય બીજા પુદ્દગલ દ્રવ્યની વર્તમાન પર્યાયથી સ્વતંત્ર અને ભિન્ન નહિ રહે. )

## ૧૧૯ પ્ર. અત્યંતાભાવ કોને કહે છે?

ઉ. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અત્યંતાભાવ કહે છે. ( તેને ન માનવામાં આવે તો કોઈ પણ દ્રવ્ય સ્વતંત્ર અને ભિન્ન ન રહે. )

આ ચાર પ્રકારના અભાવ સમજવાથી ધર્મસંબંધી શું છે?

( ૧ ) પ્રાગભાવથી એમ સમજવું કે અનાદિ કાળથી અજ્ઞાન, મિથ્યાત્વાદિ દોષ કર્યા અને ધર્મ કદી પણ કર્યો નથી તોપણ ધર્મ વર્તમાનમાં નવા પુરુષાર્થથી થઈ શકે છે કારણ કે વર્તમાન પર્યાય ( - અવસ્થા )નો પૂર્વ પર્યાયમાં અભાવ છે.

( ૨ ) પ્રધ્વંસાભાવથી એમ સમજવું કે વર્તમાન અવસ્થામાં ધર્મ ન કર્યો હોય તોપણ તે અધર્મદશાનો તરત વ્યય (-અભાવ) કરીને જીવ નવા પુરુષાર્થથી ધર્મ પ્રગટ કરી શકે છે.

( ૩ ) અન્યોન્યાભાવથી એમ સમજવું કે એક પુદ્‌ગલની દ્રવ્યની પર્યાય બીજા પુદ્‌ગલની પર્યાયને કાંઈ પણ કરી શકતી નથીઃ અર્થાત્ એકબીજાને મદદ, સહાય, અસર, પ્રેરણાદિ કાંઈ કરી શકતા નથી.

( ૪ ) અત્યંતાભાવથી એમ સમજવું કે પ્રત્યેક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ હોવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કાંઈ પણ કરી શકતું નથી. અર્થાત્ સહાય, અસર, મદદ, પ્રેરણા ઇત્યાદિ કાંઈ કરી શકતું નથી. શાસ્ત્રમાં જે કાંઈ અન્યનું કરવું, કરાવવું વગેરેનું કથન છે તે ઘીના ઘડા સમાન

વ્યવહારનું કથન માત્ર છે, સત્યાર્થ નથી.

આવી સમજણ કરવાથી સ્વસન્મુખપણાનો પુરુષાર્થ થાય છે તે જ સાચો લાભ છે.

## ૧૨૦ પ્ર. સ્યાદ્વાદ કોને કહે છે?

ઉ. વસ્તુના અનેકાન્ત સ્વરૂપને સમજાવનારી કથન પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.

[ સ્યાત્ = કથંચિત્ કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ, વાદ = કથન. સ્યાદ્વાદ અનેકાન્તનું દ્યોતક છે–બતાવનાર છે. )

( પ્રશ્ન ૮૯ ના અનુસંધાનમાં )

## ૧૨૧ પ્ર. તત્ત્વ કેટલાં છે?

ઉ. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે.

**૧૨૧ પ્ર. अ સાત તત્ત્વ કોને કહે છે ?**

ઉ. (૧) **જીવ-** જીવ અર્થાત્ આત્મા, તે સદા જ્ઞાનસ્વરૂપ પરથી ભિન્ન અને ત્રિકાળસ્થાયી છે.

(૨) **અજીવ-** જેમાં ચેતના-જ્ઞાતૃત્વ નથી એવાં દ્રવ્ય પાંચ છે.

તેમાંથી ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર અરૂપી છે અને પુદ્ગલ દ્રવ્ય રૂપી (-સ્પર્શ, રસ, ગંધ, વર્ણસહિત) છે.

(૩) **આસ્રવ-** વિકારી શુભાશુભભાવરૂપ જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે **ભાવાસ્રવ**, અને તે સમયે નવીન કર્મ યોગ્ય રજકણોનું સ્વયં સ્વતઃ આવવું

( –આત્માની સાથે એક ક્ષેત્રે આગમન થવું ) તે **દ્રવ્યાસ્રવ** છે. ( તેમાં જીવની અશુદ્ધપર્યાય નિમિત્ત માત્ર છે. )

પુણ્ય–પાપ બન્ને આસ્રવ અને બંધના ભેદ છે. **પુણ્ય-** દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત ઇત્યાદિ શુભભાવ જીવની પર્યાયમાં થાય છે, તે અરૂપી અશુદ્ધભાવ છે અને તે **ભાવપુણ્ય** છે અને તે સમયે કર્મયોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયં સ્વતઃ એકક્ષેત્રાવગાહ સંબંધથી જીવની સાથે બંધાય છે. તે **દ્રવ્યપુણ્ય** છે. ( તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે. ) **પાપ-** હિંસા, અસત્ય, ચોરી ઇત્યાદિ જે અશુભભાવ છે તે **ભાવપાપ** છે અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલ સ્વયં સ્વતઃ જીવની સાથે બંધાય છે તે **દ્રવ્યપાપ** છે. ( તેમાં જીવની અશુદ્ધપર્યાય નિમિત્ત માત્ર છે. )

પરમાર્થથી વાસ્તવમાં પુણ્ય-પાપ (શુભાશુભભાવ) આત્માને અહિતકર છે, આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. દ્રવ્ય પુણ્ય-પાપ આત્માનું હિત-અહિત કરી શકતા નથી.

(૪) **બંધ-** આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપ વિભાવમાં રોકાઈ જવું તે **ભાવબંધ** છે, અને તે સમયે કર્મયોગ્ય પુદ્‌ગલોનું સ્વયં સ્વતઃ જીવની સાથે એકક્ષેત્રાવગાહરૂપ બંધાવું તે **દ્રવ્યબંધ** છે. (અને તેમાં જીવની અશુદ્ધપર્યાય નિમિત્ત માત્ર છે.)

(૫) **સંવર-** પુણ્ય-પાપરૂપ અશુદ્ધભાવ- (-આસ્રવ)ને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે **ભાવસંવર** છે અને તદનુસાર નવાં કર્મોનું આગમન સ્વયં સ્વતઃ રોકાઈ જાય તે **દ્રવ્યસંવર** છે.

(૬) **નિર્જરા-** અખંડાનંદ નિજશુદ્ધાત્માના લક્ષના બળથી આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (-શુભાશુભ ઇચ્છારૂપ) અવસ્થાની આંશિક હાનિ કરવી તે **ભાવનિર્જરા** છે અને તે સમયે ખરવા યોગ્ય કર્મોનું અંશે ખરી જવું તે **દ્રવ્યનિર્જરા** છે.

(૭) **મોક્ષ-** સર્વજ્ઞતા આદિ આત્માની શુદ્ધ પર્યાયોનું પ્રગટ થવું અને ભાવકર્મનો સર્વથા નાશ થવો તે **ભાવમોક્ષ** છે અને પોતાની યોગ્યતાથી દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોમાંથી અત્યંત અભાવ થવો તે **દ્રવ્યમોક્ષ** છે (૧૩મા ગુણસ્થાને ભાવમોક્ષ થાય છે.)

**૧૨૨ પ્ર. મિથ્યાદૃષ્ટિ જીવ આ સાત તત્ત્વોની કેવી કેવી ભૂલ કરે છે?**

ઉ. (૧) **જીવતત્ત્વની ભૂલ-** જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, તેને અજ્ઞાનવશ જીવ જાણતો નથી અંતે જે શરીર છે તે હું જ છું,

શરીરનાં કાર્ય હું કરી શકું છું. એમ માને છે તથા શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય છે. બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી અને બાહ્ય પ્રતિકૂળ સંયોગથી દુઃખી, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુંદર એમ માને છે. શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયાઓમાં નિજત્વ માને છે. એમ માનવું તે જ જીવતત્ત્વની ભૂલ છે.

(૨) **અજીવ તત્ત્વની ભૂલઃ-** મિથ્યા અભિપ્રાયવશ જીવ એમ માને છે કે શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ, ધન, શરીર **ઇત્યાદિ** જડ પદાર્થોમાં પરિવર્તન માનવું, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરને ભૂખ

તરસરૂપ અવસ્થા થતાં મને ભૂખ, તરસ લાગી છે એમ માનવું, શરીર કપાઈ જતાં હું કપાઈ ગયો **ઇત્યાદિરૂપ** અજીવની અવસ્થાને અજ્ઞાની જીવ પોતાની અવસ્થા માને છે. આ અજીવ તત્ત્વની ભૂલ છે કેમ કે અજીવને જીવ માની લીધો.

( ૩ ) **આસ્રવતત્ત્વની ભૂલઃ-** મિથ્યાત્વ, રાગ-દ્વેષ, શુભાશુભભાવ આસ્રવ છે, તે ભાવ આત્માને પ્રગટપણે દુઃખ દેવાવાળા છે પરંતુ મિથ્યાદ્રષ્ટિ જીવ તેમને હિતરૂપ જાણીને નિરંતર તેમનું સેવન કરે છે, તે આસ્રવતત્ત્વની ભૂલ છે.

( ૪ ) **બંધ તત્ત્વની ભૂલઃ-** જેવી સોનાની બેડી તેવી જ લોઢાની બેડી-બન્ને બંધનકારક છે; તેવી જ રીતે પુણ્ય અને પાપ બન્ને જીવને બંધન કર્તા છે; પરંતુ મિથ્યાદ્રષ્ટિ જીવ એમ ન માનતાં પુણ્યને ભલું-

હિતકારી માને છે. તત્ત્વદૃષ્ટિથી તો પુણ્ય-પાપ બન્ને અહિતકર જ છે. પરંતુ અજ્ઞાની તેમ માનતો નથી તે બંધ તત્ત્વની ભૂલ છે.

( ૫ ) **સંવરતત્ત્વની ભૂલઃ-** નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રજીવને હિતકારી છે. પણ મિથ્યાદૃષ્ટિ જીવ તેમને કષ્ટદાયક માને છે તે સંવરતત્ત્વની ભૂલ છે.

( ૬ ) **નિર્જરાતત્ત્વની ભૂલઃ-** આત્મામાં એકાગ્ર થઈને શુભ અને અશુભ બન્ને પ્રકારની ઇચ્છા રોકવાથી જે નિજઆત્માની શુદ્ધિનું પ્રતપન થવું તે તપ છે અને તે તપથી નિર્જરા થાય છે એવું તપ સુખદાયક છે. પરંતુ અજ્ઞાની તેને કલેશદાયક માને છે અને આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓને ભૂલીને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માનીને તેમાં જ પ્રીતિ કરે છે તે નિર્જરા તત્ત્વની ભૂલ છે.

( ૭ ) **મોક્ષતત્ત્વની ભૂલઃ-** આત્માની પરિપૂર્ણ

શુદ્ધદશાનું પ્રગટ થવું તે મોક્ષ છે. તેમાં આકુળતાનો અભાવ છે–પૂર્ણ સ્વાધીન નિરાકુળ સુખ છે. પરંતુ અજ્ઞાની એમ ન માનતાં શરીરમાં, મોજશોખમાં જ સુખ માને છે, મોક્ષમાં દેહ, ઇન્દ્રિય, ખાવું પીવું, મિત્રાદિ કાંઈ પણ હોતું નથી માટે અતીન્દ્રિય મોક્ષસુખ અજ્ઞાની માનતો નથી તે મોક્ષતત્ત્વની ભૂલ છે.

આ રીતે સાત તત્ત્વોની ભૂલથી અજ્ઞાની જીવ અનંતકાળથી સંસારમાં ભટકી રહ્યો છે.

( પ્રશ્ન ૮૯ના અનુસંધાનમાં )

## ૧૨૩ પ્ર. દેવ-ગુરુનું સ્વરૂપ શું છે ?

ઉ. શ્રી અર્હંત અને સિદ્ધ પરમેષ્ઠી દેવ છે, અને ભાવલિંગી દિગંબર મુનિ–આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે. ભગવાન

શ્રી કુન્દકુન્દાચાર્ય નિયમસારમાં દેવ-ગુરુનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છે:

(૧) શ્રી અર્હંતનું સ્વરૂપ:- ઘનઘાતિ કર્મ રહિત, કેવળજ્ઞાનાદિ પરમગુણ સહિત અને ચોત્રીસ અતિશય સંયુક્ત એવા અર્હંત હોય છે. (ગાથા ૭૧.)

[બાહ્ય-અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ શ્રી અરિહંતદેવને હોય છે. શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને દર્શન-ઉપયોગ અને જ્ઞાનોપયોગ એકસાથે વર્તે છે; ક્રમથી નહિ.)

(૨) શ્રી સિદ્ધનું સ્વરૂપ:- આઠ કર્મનાં બંધનો જેમણે નાશ કર્યો છે, આઠ મહાગુણો સહિત, પરમ લોકના અગ્રભાગમાં સ્થિત અને નિત્ય એવા સિદ્ધ હોય છે. ૭૨.

[સિદ્ધ ભગવાનમાં વ્યવહારથી આઠ ગુણ અને

નિશ્ચયથી અનંતગુણ છે. ]

( ૩ ) આચાર્યનું સ્વરૂપ–પંચાચારોથી પરિપૂર્ણ પંચેન્દ્રિયરૂપી હાથીના મદનું દલન કરનાર, ધીર અને ગુણગંભીર એવા આચાર્ય હોય છે. ૭૨. ( આચાર્યના ૩૬ ગુણ હોય છે. )

( ૪ ) ઉપાધ્યાયનું સ્વરૂપઃ– રત્નત્રયસંયુક્ત, જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ સહિત એવા ઉપાધ્યાય હોય છે. ૭૪. ( ઉપાધ્યાયના ૨૫ ગુણ હોય છે. તે મુનિઓમાં શિક્ષકઅધ્યાપક છે. )

( ૫ ) શ્રી સાધુનું સ્વરૂપઃ– સમસ્ત વ્યાપારથી વિમુક્ત, ચાર પ્રકારની આરાધનામાં સદા લવલીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. ૭૫

( સાધુના ૨૮ મૂળગુણ હોય છે. )

આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુનું સામાન્ય સ્વરૂપઃ- જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન સહિત વિરાગી બનીને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને, શુદ્ધોપયોગ રૂપ મુનિધર્મ અંગીકાર કરીને અંતરંગમાં તો તે જ શુદ્ધોપયોગ દ્વારા પોતાના આત્માનો અનુભવ કરે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી, જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે. પરભવોમાં મમત્વ કરતાં નથી, કોઈને ઇષ્ટ-અનિષ્ટ માનીને તેમાં રાગ-દ્વેષ કરતા નથી, હિંસાદિ અશુભ ઉપયોગનું તો તેમને અસ્તિત્વ જ મટી ગયું છે, અનેક વાર સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ આનંદમાં લીન રહ્યા કરે છે, જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે ૨૮ મૂળગુણોના અખંડ પાલનને માટે શુભ વિકલ્પ આવે અને એવા જ જૈનમુનિ (-ગુરુ) હોય છે. (છઠા-સાતમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત છે.)

**૧૨૪ પ્ર. ધર્મ કોને કહે છે ?**

ઉ. નિજ આત્માની અહિંસાને ધર્મ કહે છે.

**૧૨૫ પ્ર. સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધામાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કેવી રીતે આવે છે ?**

ઉ. ( ૧ ) **મોક્ષત્વ** સર્વજ્ઞ-વીતરાગ સ્વભાવ છે, તેના ધારક શ્રી અર્હંત સિદ્ધ છે, અને તે જ નિર્દોષ દેવ છે. તેથી જેને મોક્ષતત્ત્વની શ્રદ્ધા છે તેને સાચા દેવની શ્રદ્ધા છે.

( ૨ ) **સંવર-નિર્જરા** નિશ્ચયરત્નત્રય સ્વભાવ છે, તેના ધારક ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે તે જ નિર્ગ્રંથ-દિગમ્બર ગુરુ છે; તેથી જેને સંવર-

નિર્જરાની સાચી શ્રદ્ધા છે તેને સાચા ગુરુની શ્રદ્ધા છે.

( ૩ ) **જીવતત્ત્વ**નો સ્વભાવ રાગાદિઘાતરહિત શુદ્ધ ચૈતન્યપ્રાણમય છે, તેના સ્વભાવસહિત અહિંસાધર્મ છે. તેથી જેને શુદ્ધ જીવની શ્રદ્ધા છે તેને ( નિજ આત્માની ) અહિંસારૂપ ધર્મની શ્રદ્ધા છે.

## છ કારક

### ૧૨૬ પ્ર. ( ૧ ) કર્તા કોને છે ?

ઉ. જે સ્વતંત્રતાથી ( -સ્વાધીનતાથી ) પોતાના પરિણામ કરે તે કર્તા છે.

( પ્રત્યેક દ્રવ્ય પોતામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી પોતાના જ પરિણામોનો કર્તા છે. )

( ૨ ) કર્મ ( –કાર્ય ) કોને કહે છે?

ઉ. કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે તે પરિણામ તેનું કર્મ છે.

( ૩ ) કરણ કોને કહે છે?

ઉ. તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.

( ૪ ) સંપ્રદાન કોને કહે છે?

ઉ. કર્મ ( –પરિણામ–કાર્ય ) જેને દેવામાં આવે અથવા જેને માટે કરવામાં આવે છે તેને સંપ્રદાન કહે છે.

( ૫ ) અપાદાન કોને કહે છે?

ઉ. જેમાંથી કર્મ કરવામાં આવે છે તે ધ્રુવવસ્તુને અપાદાન કહેવામાં આવે છે.

( ૬ ) અધિકરણ કોને કહે છે?

ઉ. જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે તેને અધિકરણ કહે છે.

સર્વદ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છએ કારક એક સાથે વર્તે છે તેથી આત્મા અને પુદ્‌ગલ શુદ્ધદશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં જ છએ કારકરૂપ પરિણમન કરે છે અને અન્ય કોઈ કારકો ( - કારણો )ની અપેક્ષા રાખતા નથી.

( પંચાસ્તિકાય ગાથા ૬૨ સં. ટીકા )

## ૧૨૭ પ્ર. કાર્ય કેવી રીતે થાય છે?

ઉ. '**कारणानुविधायित्वादेव कार्याणां**'

'**कारणानुविधायीनि कार्याणि**'-

કારણ જેવા જ કાર્ય હોવાથી કારણ જેવું જ કાર્ય થાય છે. કાર્યને-ક્રિયા, કર્મ અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ, પરિણમન અને પરિણતિ પણ કહે છે. [ અહીં કારણને ઉપાદાનકારણ સમજવું કારણ કે ઉપાદાન કારણ તે જ સાચું કારણ છે. )

## ૧૨૮ પ્ર. કારણ કોને કહે છે?

ઉ. કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

## ૧૨૯ પ્ર. ઉત્પાદક સામગ્રીના કેટલાક ભેદ છે?

ઉ. બે છે. ઉપાદાન અને નિમિત્ત. ઉપાદાનને નિજ શક્તિ અથવા નિશ્ચય અને નિમિત્તને પરયોગ અથવા વ્યવહાર કહે છે.

## ૧૩૦ પ્ર. ઉપાદાન કારણ કોને કહે છે?

ઉ. (૧) જે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે તેને ઉપાદાન કારણ કહે છે, જેમ કે ઘડાની ઉત્પત્તિમાં માટી. (૨) અનાદિકાળથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે તેમાં અનંતર પૂર્વક્ષણવર્તીપર્યાય ઉપાદાન કારણ છે અને અનંતર ઉત્તરક્ષણવર્તી પર્યાય કાર્ય છે.

(૩) તે સમયની પર્યાયની યોગ્યતા તે ઉપાદાનકારણ છે અને તે જ પર્યાય કાર્ય છે. ઉપાદાન તે જ સાચું (-વાસ્તવિક) કારણ છે.

[નં. ૧ ધ્રુવ ઉપાદાન દ્રવ્યાર્થિક નયથી છે, નં. ૨-૩ ક્ષણિક ઉપાદાન પર્યાયાર્થિક નયથી છે]

**૧૩૧ પ્ર. યોગ્યતા કોને કહે છે?**

ઉ. “**योग्यतैव विषयप्रतिनियमकारणमिति**” (ન્યાય દી. પૃ. ૨૭) યોગ્યતા જ વિષયનું પ્રતિનિયામક કારણ છે. [આ કથન જ્ઞાનની યોગ્યતા (-સામર્થ્ય) ને માટે છે. પરંતુ યોગ્યતાનું કારણપણું સર્વમાં સર્વત્ર સમાન છે.) (૨) સામર્થ્ય, શક્તિ, પાત્રતા, લાયકાત, તાકાત તે યોગ્યતાના શબ્દના અર્થ છે. *

**૧૩૨ પ્ર. નિમિત્ત કારણ કોને કહે છે?**

ઉ. જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે,

---

* ‘યોગ્યતા’ શબ્દનો પ્રયોગ શાસ્ત્રોમાં અનેક ઠેકાણે છે. આધાર માટે જુઓ પરિશિષ્ટ.

પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો જેના ઉપર આરોપ આવી શકે તે પદાર્થને નિમિત્તકારણ કહે છે. જેમ કે–ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર આદિ. (નિમિત્ત સાચું કારણ નથી. –* અહેતુવત્ (અકારણવત્) છે, કારણ કે તે ઉપચાર માત્ર અથવા વ્યવહાર માત્ર કારણ છે.)

**૧૩૩ પ્ર. ઉપાદાન કારણ અને નિમિત્તની ઉપસ્થિતિનો શું નિયમ છે?**

ઉ. (બનારસી વિલાસમાં કથિત દોહા–)

પ્રશ્ન:– (૧)

ગુરુ ઉપદેશ નિમિત્ત બિન, ઉપાદાન બલહીન;
જ્યોં નર દૂજે પાંવ બિન, ચલવેકો આધીન. ૧

---

* પંચાધ્યાયી ભાગ ૨ ગા. ૩૫૧.

પ્રશ્ન:- ( ૨ )

હૌં જાને થા એકહી, ઉપાદાન સોં કાજ;
થકૈ સહાઈ પૌન બિન, પાની માંહિં જહાજ. ૨

પ્રથમ પ્રશ્નનો ઉત્તર:-

જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઊ શિવમગ ધાર;
ઉપાદાન નિશ્ચય જહાઁ, તહઁ નિમિત્ત વ્યૌહાર. ૩

અર્થ:- સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ નેત્ર અને જ્ઞાનમાં ચરણ અર્થાત્ લીનતારૂપ ક્રિયા બન્ને મળીને મોક્ષમાર્ગ જાણો. ઉપાદાનરૂપ નિશ્ચયકારણ જ્યાં હોય ત્યાં નિમિત્તરૂપ વ્યવહારકારણ હોય જ છે.

ભાવાર્થ:- ( ૧ ) ઉપાદાન તે નિશ્ચય અર્થાત્ સાચું કારણ છે, નિમિત્ત વ્યવહાર અર્થાત્ ઉપચાર કારણ છે સાચું કારણ નથી, તેથી તો તેને અહેતુવત્ કહ્યું છે. અને તેને ઉપચાર ( -આરોપ ) કારણ

કેમ કહ્યું કે તે ઉપાદાનનું કાંઈ કાર્ય કરતું-કરાવતું નથી તો પણ કાર્યના વખતે તેની ઉપસ્થિતિને કારણે તેને ઉપચારમાત્ર કારણ કહ્યું છે.

( ૨ ) સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનમાં લીનતાને મોક્ષમાર્ગ જાણો-એમ કહ્યું તેમાં શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારને મોક્ષ માર્ગ ન જાણો તે વાત આવી જાય છે.

પ્રથમ પ્રશ્નનું સમાધાનઃ-

ઉપાદાન નિજ ગુણ જહાઁ, તહઁ નિમિત્ત પર હોય;

ભેદજ્ઞાન પરમાણ વિધિ, વિરલા બૂઝે કોય. ૪

અર્થઃ- જ્યાં નિજશક્તિરૂપ ઉપાદાન તૈયાર હોય ત્યાં નિમિત્ત હોય જ છે એવી ભેદજ્ઞાનપ્રમાણની વિધિ (-વ્યવસ્થા) છે; આ સિદ્ધાંત કોઈ વીરલા જ સમજે છે. ૪.

ભાવાર્થઃ- જ્યાં ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિયમથી નિમિત્ત હોય છે, નિમિત્તની વાટ જોવી પડે એમ નથી, અને નિમિત્તને કોઈ મેળવી શકે છે એમ પણ નથી. નિમિત્તની રાહ જોવી પડે છે અથવા તેને હું લાવી શકું છું એવી માન્યતા પરપદાર્થમાં અભેદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાનસૂચક છે. નિમિત્ત અને ઉપાદાન બન્ને અસહાયરૂપ છે એ તો મર્યાદા છે.

ઉપાદાન બલ જહઁ તહઁ, નહીં નિમિત્તકો દાવ;
એક ચક્રસોં રથ ચલૈ, રવિકો યહૈ સ્વભાવ. ૫

અર્થઃ- જ્યાં જુઓ ત્યાં સદા ઉપાદાનનું જ બળ છે, નિમિત્ત હોય છે પરંતુ નિમિત્તનો કાંઈ પણ દાવ ( -બળ ) નથી. જેમ એક ચક્રથી સૂર્યનો રથ ચાલે છે એવી રીતે પ્રત્યેક કાર્ય ઉપાદાનની યોગ્યતા

(-સામર્થ્ય)થી જ થાય છે. ૫

બીજા પ્રશ્નનું સમાધાનઃ-

સધૈ વસ્તુ અસહાય જહૈ, તહઁ નિમિત્ત હૈ કૌન;
જ્યોં જહાજ પરવાહમેં, તિરે સહજ વિન પૌન. ૬

અર્થઃ- પ્રત્યેક વસ્તુ સ્વતંત્રતાથી પોતાની અવસ્થાને (-કાર્યને) પ્રાપ્ત કરે છે ત્યાં નિમિત્ત કોણ? જેમ વહાણ પ્રવાહમાં સહેજે જ પવન વિના જ તરે છે.

ભાવાર્થઃ- જીવ અને પુદ્ગલ દ્રવ્ય શુદ્ધ કે અશુદ્ધ અવસ્થામાં સ્વતંત્રપણે જ પોતાનાં પરિણામો કરે છે. અજ્ઞાની જીવ પણ સ્વતંત્રપણે નિમિત્તાધીન પરિણમન કરે છે. કોઈ નિમિત્ત તેને આધીન બનાવી શકતું નથી. ૬.

ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ;
વસે જુ જૈસે દેશમેં, કરે સુ તૈસે ભેષ. ૭

ભાવાર્થઃ- ઉપાદાનનું કથન એક 'યોગ્યતા' શબ્દ દ્વારા જ થાય છે; ઉપાદાન પોતાની યોગ્યતાથી અનેક પ્રકારે પરિણમન કરે છે ત્યારે ઉપસ્થિત નિમિત્ત પર ભિન્ન ભિન્ન કારણપણાનો આરોપ (-ભેષ) આવે છે. ઉપાદાનની વિધિ નિર્વચન હોવાથી નિમિત્ત દ્વારા આ કાર્ય થયું એમ વ્યવહારથી કહેવાય છે.

વિશેષાર્થઃ- ઉપાદાન જ્યારે જેવું કાર્ય કરે છે ત્યારે તેવા કારણપણાનો આરોપ (-ભેષ) નિમિત્ત ઉપર આવે છે. જેમ કોઈ વજ્રકાયવાળો પુરુષ સાતમા નરકને યોગ્ય મિલન ભાવ કરે તો વજ્રકાય-

શરીર ઉપર નરકના કારણપણાનો આરોપ આવે છે અને જો જીવ મોક્ષને યોગ્ય નિર્મળભાવ કરે તો તે જ નિમિત્ત પર મોક્ષના કારણપણાનો આરોપ આવે છે આ રીતે ઉપાદાનના કાર્યાનુસાર નિમિત્તમાં કારણપણાનો ભિન્ન ભિન્ન આરોપ કરવામાં આવે છે. એથી એમ સિદ્ધ થાય છે કે નિમિત્તથી કાર્ય થતું નથી પરંતુ કથન થાય છે. માટે ઉપાદાન સાચું કારણ છે અને નિમિત્ત આરોપિત કારણ છે.

**૧૩૪ પ્ર. પુદ્‌ગલ કર્મ, યોગ, ઇન્દ્રિયોના ભોગ, ધન, ઘરના માણસો, મકાન ઇત્યાદિ આ જીવને રાગ-દ્વેષ પરિણામનાં પ્રેરક છે ?**

ઉ. છએ દ્રવ્ય સર્વ પોતપોતાના સ્વરૂપથી સદા અસહાય (-સ્વતંત્ર) પરિણમન કરે છે, કોઈ દ્રવ્ય કોઈનું પ્રેરક કદી નથી,

તેથી કોઈ પણ પરદ્રવ્ય રાગદ્વેષનું પ્રેરક નથી પરંતુ મિથ્યાત્વ મોહરૂપ મદિરાપાન છે તે જ (અનંતાનુબંધી) રાગદ્વેષનું કારણ છે.

**૧૩૫ પ્ર. પુદ્‌ગલકર્મની જોરાવરીથી જીવને રાગ-દ્વેષ કરવા પડે છે, પુદ્‌ગલદ્રવ્ય કર્મોનો વેશ ધારણ કરીને જેમ જેમ બળ કરે છે તેમ તેમ જીવને રાગદ્વેષ અધિક થાય છે -એ વાત સાચી છે?**

ઉ. ના, કેમ કે જગતમાં પુદ્‌ગલનો સંગ તો હંમેશાં રહે છે; જો એની બળજોરીથી જીવને રાગાદિ વિકાર થાય તો શુદ્ધભાવ રૂપ થવાનો કદી અવસર આવી શકે નહિ તેથી એમ સમજવું જોઈએ કે શુદ્ધ કે

અશુદ્ધ પરિણમન કરવામાં ચેતન સ્વયં સમર્થ છે.

( સ. સાર નાટક સર્વવિશુદ્ધદ્વાર કાવ્ય ૬૧ થી ૬૬ )

[ નિમિત્તના કોઈ જગ્યાએ પ્રેરક અને ઉદાસીન એવા બે ભેદ કહ્યા હોય ત્યાં તે ગમન ક્રિયાવાળા અથવા ઈચ્છાવાળા છે કે નહિ એમ સમજાવવાને માટે છે પરંતુ ઉપાદાનને માટે તો સર્વ પ્રકારના નિમિત્ત ધર્માસ્તિકાયવત્ ઉદાસીન કહ્યા છે. જુઓ શ્રી પૂજ્યપાદાચાર્યકૃત ઈષ્ટોપદેશ, ગા. ૩૫ ]

## ૧૩૬ પ્ર. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોને કહે છે?

ઉ. ઉપાદાન સ્વતઃ કાર્યરૂપે પરિણમે છે? વખતે ભાવરૂપ કે અભાવરૂપ કયા ઉચિત (-યોગ્ય )* નિમિત્ત કારણનો તેની સાથે

સંબંધ છે. એ બતાવવાને માટે તે કાર્ય ને નૈમિત્તિક કહે છે. આ રીતે ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે.

( જાુઓ * પ્રશ્ન ૧૩૨ 'નિમિત્ત')

[ નિમિત્ત નૈમિત્તિક સંબંધ પરતંત્રતાનો સૂચક નથી પરંતુ નૈમિત્તિકની સાથે ક્યો નિમિત્તરૂપ પદાર્થ છે તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નૈમિત્તિક કહ્યું છે તેને જ ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય પણ કહે છે. )

નિમિત્ત-નૈમિત્તિક સંબંધનાં દૃષ્ટાંતઃ-

(૧) કેવળજ્ઞાન નૈમિત્તિક છે અને લોકાલોકરૂપ સર્વ જ્ઞેયો નિમિત્ત છે. ( પ્રવચનસાર, ગા. ૨૬ની ટીકા )

( ૨ ) સમ્યગ્દર્શન નૈમિત્તિક છે અને સમ્યગ્જ્ઞાનીના ઉપદેશાદિ નિમિત્ત છે. ( આત્માનુશાસન ગા૦ ૧૦ ની ટીકા )

( ૩ ) સિદ્ધદશા નૈમિત્તિક છે અને પુદ્ગલ કર્મનો અભાવ નિમિત્ત છે. ( સમયસાર, ગા૦ ૮૩ની ટીકા )

( ૪ ) જેવી રીતે અધઃકર્મથી ઉત્પન્ન અને ઉદ્દેશથી ઉત્પન્ન થયેલ નિમિત્તભૂત ( આહારાદિ ) પુદ્ગલદ્રવ્યનો ત્યાગ ન કરતો આત્મા ( -મુનિ ) નૈમિત્તિકભૂતબંધસાધકભાવનું પ્રત્યાખ્યાન ( -ત્યાગ ) કરતો નથી તેવી જ રીતે સમસ્ત પરદ્રવ્યનું પ્રત્યાખ્યાન ન કરતો આત્મા તેના નિમિત્તથી થવાવાળા ભાવને ત્યાગતો નથી." આમાં જીવનો બંધસાધકભાવ નૈમિત્તિક છે અને તે પરદ્રવ્ય નિમિત્ત છે.

( સમયસાર, ગાથા ૨૮૬-૮૭ની ટીકા )

## ૧૩૭ પ્ર. મિથ્યાત્વ કોને કહે છે ?

ઉ. પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના અન્યથા શ્રદ્ધાનને અને અદેવ (કુદેવ)માં દેવપણું માનવું, અતત્ત્વમાં તત્ત્વ માનવું, અધર્મ (કુધર્મ)માં ધર્મ માનવો ઇત્યાદિ વિપરીત શ્રદ્ધાનને મિથ્યાત્વ કહે છે.

## ૧૩૮ પ્ર. મિથ્યાત્વના કેટલા ભેદ છે?

ઉ. પાંચ ભેદ છે-એકાંત, વિપરીત, સંશય, અજ્ઞાન અને વિનય.

## ૧૩૯ પ્ર. એકાંત મિથ્યાત્વ કોને કહે છે?

ઉ. આત્મા, પરમાણુ આદિ સર્વ પદાર્થોનું સ્વરૂપ પોતપોતાના અનેક ધર્મોથી પરિપૂર્ણ હોવા છતાં પણ તેને સર્વથા એક જ ધર્મવાળું માનવું તેને એકાંત મિથ્યાત્વ કહે છે, જેમ કે આત્માને સર્વથા ક્ષણિક

અથવા નિત્ય જ માનવો; ગુણ–ગુણીનો સર્વથા ભેદ કે અભેદ જ માનવો ઇત્યાદિ.

## ૧૪૦ પ્ર. વિપરીત મિથ્યાત્વ કોને કહે છે?

ઉ. આત્માના સ્વરૂપને અન્યથા માનવાની રુચિને વિપરીત મિથ્યાત્વ કહે છે. જેમ કે–

( ૧ ) શરીરને આત્મા માનવો; વસ્ત્ર, પાત્રાદિ સહિતને નિર્ગ્રંથગુરુ માનવા, સ્ત્રીનું શરીર હોવા છતાં તેને મુનિદશા અને મોક્ષ માનવો.

( ૨ ) કેવળી ભગવાનને કવળાહાર, રોગ, ઉપસર્ગ, વસ્ત્ર, પાત્ર, પાટાદિ સહિત અને ક્રમિક ઉપયોગવાળા માનવા.

( ૩ ) પુણ્યથી અર્થાત્ શુભરાગથી તથા નિમિત્તથી સાચો ધર્મ માનવો.

## ૧૪૧ પ્ર. સંશય મિથ્યાત્વ કોને કહે છે?

ઉ. ‘ધર્મનું સ્વરૂપ આમ છે કે આમ છે? એવા પરસ્પર વિરુદ્ધ બે પ્રકારના શ્રદ્ધાનને સંશયમિથ્યાત્વ કહે છે. જેમ કે આ આત્મા પોતાના કાર્યનો કર્તા છે. જેમ કે આ આત્મા પોતાના કાર્યનો કર્તા છે અથવા પરવસ્તુના કાર્યનો કર્તા છે? નિમિત્ત અને વ્યવહારના આલંબનથી ધર્મ થશે કે પોતાના શુદ્ધાત્માના આલંબનથી ધર્મ થશે? ઇત્યાદિ.

**૧૪૨ પ્ર. અજ્ઞાન મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. જ્યાં હિત-અહિત વિવેકનો કાંઈ પણ સદ્‌ભાવ ન હોય. તેને અજ્ઞાન મિથ્યાત્વ કહે છે. જેમ કે પશુવધ અથવા પાપને ધર્મ સમજવો.

**૧૪૩ પ્ર. વિનય મિથ્યાત્વ કોને કહે છે?**

ઉ. સમસ્ત દેવ અને સર્વ મતોમાં સમદર્શીપણાને વિનય મિથ્યાત્વ કહે છે.

## ૧૪૪ પ્ર. મિથ્યાજ્ઞાન કોને કહે છે ?

ઉ. પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને યથાર્થ ન જાણવા તેને મિથ્યાજ્ઞાન કહે છે. તે મિથ્યાજ્ઞાનથી તેના જાણવામાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય ( -અનિશ્ચય ) હોય છે.

## ૧૪૫ પ્ર. સંશય કોને કહે છે ?

ઉ. 'આ આમ છે કે આમ છે' એ રીતે પરસ્પર વિરુદ્ધતા સહિત બે પ્રકારના જ્ઞાનને સંશય કહે છે જેમ કે હું આત્મા છું કે શરીર.

## ૧૪૬ પ્ર. વિપર્યય કોને કહે છે ?

ઉ. 'આમ જ છે'-એ રીતે વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ એકરૂપ જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમ કે હું શરીર છું.

## ૧૪૭ પ્ર. અનધ્યવસાય કોને કહે છે ?

ઉ. ‘ કાંઈક છે ’ એ પ્રકારના નિશ્ચય રહિત જ્ઞાનને અનધ્યવસાય કહે છે. જેમ કે હું કોઈક છું.

## ૧૪૮ પ્ર. અવિરતિ કોને કહે છે ?

ઉ. (૧) ચારિત્ર સંબંધી નિર્વિકાર સ્વસંવેદનથી વિપરીત અવ્રતપરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે.

(૨) હિંસાદિક પાપોમાં તથા પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવાને અવિરતિ કહે છે.

## ૧૪૯ પ્ર. અવિરતિના કેટલા ભેદ છે ?

ઉ. બાર ભેદ છે. છ કાયના જીવોની હિંસાના ત્યાગરૂપ ભાવ ન કરવો તથા પાંચ

ઇન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી એ રીતે અવિરિતના ૧૨ ભેદ છે.

## ૧૫૦ પ્ર. પ્રમાદ કોને કહે છે ?

ઉ. ( ૧ ) અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયના ઉદયમાં જોડાવાથી ભૂમિકાનુસાર સ્વરૂપમાં અસાવધાની; તથા ( ૨ ) મુનિદશામાં છઠ્ઠા ગુણસ્થાન વખતે નિરતિચાર ચારિત્ર પાળવામાં કંઈક અનુત્સાહ અથવા સ્વરૂપની અસાવધાનીને પ્રમાદ છે.

## ૧૫૧ પ્ર. પ્રમાદના કેટલા ભેદ છે ?

ઉ. પંદર ભેદ છે. વિકથા-૪ ( સ્ત્રીકથા, રાષ્ટ્રકથા ભોજનકથા, રાજકથા ), કષાય-૪ ( ક્રોધ, માન, માયા, લોભ ), પાંચ ઇન્દ્રિયોના ૫ વિષય, ૧ નિદ્રા અને ૧ પ્રણય ( -સ્નેહ ).

## ૧૫૨ પ્ર. કષાય કોને કહે છે ?

ઉ. મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને કષાય કહે છે ?

( હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ રૂપ આત્માની અશુદ્ધ પરિણતિને નોકષાય કહે છે. )

## ૧૫૩ પ્ર. યોગ કોને કહે છે ?

ઉ. મન, વચન, કાયના આલંબનથી આત્માના પ્રદેશોનું પરિસ્પંદન થવું તેને યોગ કહે છે. ( યોગગુણની અશુદ્ધ પર્યાયમાં-કંપનપણાને દ્રવ્યયોગ અને કર્મ, નોકર્મના ગ્રહણમાં નિમિત્તરૂપ યોગ્યતાને ભાવયોગ કહે છે. )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



### ૧૫૪ પ્ર. નવ દેવ કયા કયા છે?

ઉ. અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ, જિનધર્મ, જિનવચન, * જિનપ્રતિમા અને જિનમંદિર એ નવ દેવ છે.

---

* શૃંગારાદિ દોષ રહિત અને સાક્ષાત્ જિનેશ્વર સમાન હોય એવી જ વીતરાગ દેવની પ્રતિમાને સમ્યગ્જ્ઞાની જિનપ્રતિમા માને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પરિશિષ્ટ

"યોગ્યતા" શબ્દ શાસ્ત્રમાં ક્યાં છે તેનો આધારઃ–

પ્રવચનસાર ગા. ૪૪, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ટીકા.

સમયસાર ગા. ૧૩, ૨૭૫, ૩૧૮, ૩૭૩, ટીકા.

નિયમસાર ગા. ૬૩ ટીકા.

પંચાસ્તિકાય ગા. ૬૪, ૬૮, ૯૯, ટીકા.

ઇષ્ટોપદેશ ગા. ૩૫ ટીકા. તથા ગા. ૨ મૂળમાં

( '**योग्योपादान योगेन**' )

અષ્ટસહસ્રી પૃ. ૨૫૬, શ્લોક ૮૮ ટીકા.
અષ્ટશતી પૃ. ૪૦, શ્લોક ૮૮ ટીકા.
પ્રમેય કમલમાર્તણ્ડ પૃ. ૧૦૫ "योग्यता एव शरणं"।
પ્રમાણ પરીક્ષા પૃ. ૫૨ (બે વાર) પૃ. ૬૭ (ચાર વાર.)

તત્ત્વાર્થ સૂત્રજી અધ્યાય ૮, સૂત્ર ૨.

તત્ત્વાર્થસાર પૃ. ૩૭, ૯૫, ૧૬૪, ૧૬૬, ૧૭૯, ૧૮૨, ૧૮૩, ૨૮૪, ૨૮૬, ૩૦૫, ૩૦૯.

" योग्यता एव शरणं ".

તત્ત્વાર્થ શ્લોકવાર્તિક પૃ. ૨૩૦, ૨૪૯, સંસ્કૃત

પરીક્ષામુખ દ્વિ. અ. સૂ. ૯.

ગોમ્મટસાર કર્મકાંડ ગા. ૫૨, ૧૯૦, ૨૮૬.

પૂજ્યપાદાચાર્યકૃત સમાધિશતક ગા. ૬૭ ની સૂચનિકામાં શ્રી પ્રભાચંદ્રાચાર્યે કહ્યું છે કે × × ત્યારે તેઓને મુક્તિની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પંચાધ્યાયીમાં પંડિત ફૂલચંદજી સિદ્ધાંત શાસ્ત્રીએ પ્રસ્તાવના પૃ. ૨૪, ૨૭, ૩૮, ૪૦, ૪૪, ૪૮, તથા અધ્યાય-૨ પૃ. ૧૫૪-૫૭ થી ૧૬૫, ૧૭૨-૭૩, ૨૧૦-૧૧, ૨૯૪, ૩૦૪, ૩૦૬

## પ્ર. લોકની મોટાઈ, ઊંચાઈ અને પહોળાઈ કેટલી છે?

ઉ. લોકની મોટાઈ ઉત્તર અને દક્ષિણ દિશામાં સર્વ જગ્યાએ સાત રાજૂ છે. પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ દિશામાં મૂળમાં (નીચે જમીનમાં) સાત રાજૂ છે. અને ઉપર અનુક્રમે ઘટીને સાત રાજૂની ઊંચાઈ ઉપર પહોળાઈ એક રાજૂ છે. પછી અનુક્રમે વધીને સાડા દશ રાજૂની ઊંચાઈ ઉપર પહોળાઈ પાંચ રાજૂ છે. પછી અનુક્રમે ઘટીને ચૌદ રાજૂ ઊંચાઈ ઉપર એક રાજૂ પહોળાઈ છે. અને ઊર્ધ્વ તથા અધો દિશામાં ઊંચાઈ ચૌદ રાજૂની છે.

## પ્ર. મતિજ્ઞાનના કેટલા ભેદ છે?

ઉ. બે છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને પરોક્ષ.

## [ મતિજ્ઞાનના ભેદ ]

**પ્ર. પરોક્ષ મતિજ્ઞાનના કેટલા ભેદ છે ?**

ઉ. ચાર છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન.

**પ્ર. મતિજ્ઞાનના બીજી રીતે કેટલા ભેદ છે ?**

ઉ. ચાર છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા.

**પ્ર. અવગ્રહ કોને કહે છે ?**

ઉ. ઇન્દ્રિય અને પદાર્થના યોગ્ય સ્થાનમાં (મૌજૂદ સ્થાનમાં) રહેવાથી સામાન્ય-પ્રતિભાસરૂપ દર્શનની પછી અવાન્તર-સત્તાસહિત વિશેષ વસ્તુના જ્ઞાનને અવગ્રહ કહે છે. જેમ કે આ મનુષ્ય છે.

**પ્ર. ઈહાજ્ઞાન કોને કહે છે ?**

ઉ. અવગ્રહ જ્ઞાનથી જાણેલા પદાર્થના વિશેષમાં ઉત્પન્ન થયેલા સંશયને દૂર કરતા એવા

અભિલાષાસ્વરૂપ જ્ઞાનને ઇહા કહે છે. જેમકે –તે ઠાકુરદાસજી છે. આ જ્ઞાન એટલું કમજોર છે કે કોઈ પણ પદાર્થની ઇહા થઈને છૂટી જાય, તો તેના વિષયમાં કાળાંતરમાં સંશય અને વિસ્મરણ થઈ જાય છે.

## પ્ર. અવાય કોને કહે છે?

ઉ. ઇહાથી જાણેલા પદાર્થમાં આ તે જ છે, અન્ય નથી–એવા દઢ જ્ઞાનને અવાય કહે છે. જેમ કે–તે ઠાકુરદાસજી જ છે, બીજો કોઈ નથી. અવાયથી જાણેલા પદાર્થમાં સંશય તો થતો નથી, પરંતુ વિસ્મરણ થઈ જાય છે.

## પ્ર. ધારણા કોને કહે છે?

ઉ. જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાંતરમાં સંશય તથા વિસ્મરણ ન થાય તેને ધારણા કહે છે.

**પ્ર. મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોના કેટલા ભેદ છે?**

ઉ. બે છે. વ્યક્ત અને અવ્યક્ત

**પ્ર. અવગ્રહાદિક જ્ઞાન બન્નેય પ્રકારના પદાર્થોમાં થઈ શકે છે?**

ઉ. વ્યક્ત ( પ્રગટરૂપ ) પદાર્થમાં અવગ્રહાદિક ચારે જ્ઞાન હોય છે, પરંતુ અવ્યક્ત ( અપ્રગટરૂપ ) પદાર્થનું માત્ર અવગ્રહજ્ઞાન જ હોય છે.

**પ્ર. અર્થાવગ્રહ કોને કહે છે?**

ઉ. વ્યક્ત પદાર્થના અવગ્રહ જ્ઞાનને અર્થાવગ્રહ કહે છે.

**પ્ર. વ્યંજનાવગ્રહ કોને કહે છે?**

ઉ. અવ્યક્ત પદાર્થના અવગ્રહજ્ઞાનને વ્યંજનાવગ્રહ કહે છે.

**પ્ર. વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહની જેમ સર્વ ઇન્દ્રિયો અને મન દ્વારા થાય છે? તે કેવી રીતે?**

ઉ. વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનના સિવાય બાકીની સર્વ ઇન્દ્રિયોથી થાય છે.

**પ્ર. વ્યક્ત અને અવ્યક્ત પદાર્થોના કેટલા ભેદ છે?**

ઉ. દરેકના બાર બાર ભેદ છે. બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, (-જલ્દી), અક્ષિપ્ર, નિઃસૃત, અનિઃસૃત, ઉક્ત, અનુક્ત, ધ્રુવ અને અધ્રુવ.

**પ્ર. કયા જીવને કેટલા પ્રાણ હોય છે?**

ઉ. ૧-એકેન્દ્રિયને ચાર પ્રાણ-સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ;

૨–બેઇન્દ્રિયને છ પ્રાણ–સ્પર્શન અને રસનેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ અને વચનબળ;

૩–ત્રીઇન્દ્રિયવાળાને સાતપ્રાણ–સ્પર્શ, રસ અને ઘ્રાણેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ અને વચનબળ;

૪–ચતુરિન્દ્રિયને આઠપ્રાણ–સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુ ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ અને વચનબળ;

૫–અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ પ્રાણ–સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ અને વચનબળ;

૬–સંજ્ઞી પંચેન્દ્રિયને દસ–પ્રાણ પાંચ ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ આયુ, મનબળ, વચનબળ અને કાયબળ.

# અકારાદિ ક્રમ મુજબ
# પ્રશ્નોની સૂચિ


| પૃષ્ઠ સંખ્યા | અ |
|---|---|
| ૨૫ | અગુરુલઘુત્વ ગુણ |
| ૬૦ | અગુરુલઘુત્વપ્રતિજીવી ગુણ |
| ૪૫ | અચક્ષુદર્શન |
| ૬૬ | અજીવ |
| ૭૦ | અજીવતત્ત્વની ભૂલ |
| ૬૩ | અત્યંતાભાવ |
| ૪૦ | અર્થપર્યાય |
| ૪૧ | અર્થપર્યાયના ભેદ |
| ૯૭ | અજ્ઞાન મિથ્યાત્વ |
| ૩૩ | અધર્મદ્રવ્ય |
| ૮૦ | અધિકરણ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)




૯૨ અનધ્યવસાય

૪૨ અનુજીવી ગુણ

૪૯ અનેકાન્ત

૬૨ અન્યોન્યાભાવ

૭૯ અપાદાન

૫૬ અભવ્યત્વ ગુણ

૬૧ અભાવના ભેદ

૭૪ અર્હંતનું સ્વરૂપ

૩૪ અલોકાકાશ

૬૦ અવગાહનત્વ પ્રતિજીવી ગુણ

૪૫ અવધિદર્શન

૪૭ અવધિજ્ઞાન


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૯૯ અવિરતિ અને તેના ભેદ
૬૦ અવ્યાબાધ પ્રતિજીવી ગુણ
૨૩ અસ્તિત્વગુણ
૩૭ અસ્તિકાય

**આ**

૩૩ આકાશ
૩૩ આકાશના ભેદ
૭૫ આચાર્ય
૬૬ આસ્રવ
૭૧ આસ્રવતત્ત્વની ભૂલ
૩૧ આહારક શરીર
૨૮ આહાર વર્ગણા

## ઉ


૩૯ ઉત્પાદ

૮૧ ઉત્પાદક સામગ્રીના ભેદ

૭૫ ઉપાધ્યાય

૮૨ ઉપાદાન કારણ

૮૪ ઉપાદાન-નિમિત્તના નિયમ-દોહરામાં


## એ


૩૨ એક સાથે એક જીવને કેટલાં શરીર ?

૫૦ એક સાથે એક જીવને કેટલાં જ્ઞાન ?

૯૫ એકાન્ત મિથ્યાત્વ


## ઔ


૩૦ ઔદારિક શરીર

## ક


| | |
|---|---|
| ૭૮–૭૯ | કર્તા–કર્મ |
| ૫૩ | કષાય |
| ૧૦૧ | કષાય–નોકષાય |
| ૭૯ | કરણ |
| ૮૦ | કાર્ય |
| ૮૧ | કારણ |
| ૩૦ | કાર્માણ વર્ગણા |
| ૩૧ | કાર્માણ શરીર |
| ૩૪ | કાલદ્રવ્ય |
| ૩૪ | કાળના ભેદ |
| ૩૭ | કેટલા દ્રવ્ય અસ્તિકાય છે? |
| ૩૭ | કાળદ્રવ્ય અસ્તિકાય કેમ નથી? |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



૩૮ કયા દ્રવ્યને કેટલા પ્રદેશ
૪૨ કોણ કોણ દ્રવ્યમાં કોણ કોણ પર્યાય
૪૫ કેવળદર્શન
૪૮ કેવળજ્ઞાન
૮૧ કાર્યોત્પત્તિનું કારણ

ગ

૨૨ ગુણ
૨૩ ગુણના ભેદ

ચ

૪૩ ચેતના
૪૪ ચેતનાના ભેદ
૪૪ ચક્ષુદર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૫૨ ચારિત્ર

૫૩ ચારિત્રના ભેદ

૬૩ ચાર પ્રકારના અભાવ સમજવાથી શું લાભ ?

જ

૬૬ જીવ

૨૮ જીવ દ્રવ્ય

૫૭ જીવત્વગુણ

૩૫ જીવાદિ દ્રવ્ય કેટલા છે અને કયા છે.

૪૩ જીવના અનુજીવી ગુણ

૪૩ જીવના પ્રતિજીવી ગુણ

૫૧ જૈન

## જ્ઞ

૪૪ જ્ઞાનચેતના
૪૬ જ્ઞાનચેતનાના ભેદ

## ત

૨૯ તૈજસ વર્ગણા
૩૧ તૈજસ શરીર
૬૫ તત્ત્વ કેટલાં છે

## દ

૨૨ દ્રવ્ય
૨૪ દ્રવ્યત્વ ગુણ
૨૫ દ્રવ્યના ભેદ
૫૭ દ્રવ્યપ્રાણના ભેદ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)



| | |
|---|---|
| ૬૭ | દ્રવ્યઆસ્રાવ |
| ૬૭ | દ્રવ્યપુણ્ય |
| ૬૭ | દ્રવ્યપાપ |
| ૬૮ | દ્રવ્યસંવર |
| ૬૯ | દ્રવ્યનિર્જરા |
| ૬૯ | દ્રવ્યમોક્ષ |
| ૪૪ | દર્શનચેતના |
| ૪૪ | દર્શનચેતનાના ભેદ |
| ૪૬ | દર્શન ક્યારે ઉત્પન્ન થાય છે? |
| ૫૪ | દેશચારિત્ર |
| ૬૭ | દેવ-ગુરુનું સ્વરૂપ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ધ


| | |
|---|---|
| ૩૨ | ધર્મદ્રવ્ય |
| ૭૭ | ધર્મ |
| ૭૯ | ધ્રૌવ્ય |


## ન


| | |
|---|---|
| ૧૦૨ | નવ દેવ |
| ૮૩ | નિમિત્તકારણ |
| ૩૫ | નિશ્ચયકાળ |
| ૬૯ | નિર્જરા |
| ૯૨ | નિમિત્ત-નૈમિત્તિક સંબંધ |


## પ


| | |
|---|---|
| ૧૦૦ | પ્રમાદ |

| | |
|---|---|
| ૧૦૦ | પ્રમાદના ભેદ |
| ૨૮ | પરમાણુ |
| ૨૨ | પર્યાય |
| ૩૯ | પર્યાયના ભેદ |
| ૨૪ | પ્રમેયત્વગુણ |
| ૨૫ | પ્રદેશત્વગુણ |
| ૩૮ | પ્રદેશ |
| ૨૬ | પ્રત્યેક દ્રવ્યના વિશેષગુણ |
| ૩૬ | પ્રત્યેક જીવ કેવડો મોટો છે |
| ૬૨ | પ્રધ્વંસાભાવ |
| ૪૩ | પ્રતિજીવી ગુણ |
| ૨૭ | પુદ્ગલ દ્રવ્ય |

૨૭ પુદ્‌ગલના ભેદ

૩૭ પુદ્‌ગલપરમાણુ પણ એકપ્રદેશી છે તે અસ્તિકાય કેવી રીતે ?

૯૦ પુદ્‌ગલ કર્મ, યોગ વગેરે જીવને રાગદ્વેષના પ્રેરક છે ?

૯૦ પુદ્‌ગલકર્મની જોરાવરી

૬૭ પુણ્ય

૬૭ પાપ

૮૭ પ્રાણના ભેદ

૬૨ પ્રાગભાવ

બ

૨૮ બંધ

૬૮ બંધ

## ભ

| | |
|---|---|
| ૫૬ | ભવ્યત્વગુણ |
| ૫૮ | ભાવપ્રાણ |
| ૫૮ | ભાવપ્રાણના ભેદ |
| ૫૮ | ભાવેન્દ્રિયના ભેદ |
| ૫૯ | ભાવબલપ્રાણના ભેદ |
| ૬૬ | ભાવઆસ્રવ |
| ૬૭ | ભાવપુણ્ય |
| ૬૭ | ભાવપાપ |
| ૬૮ | ભાવસંવર |
| ૬૯ | ભાવનિર્જરા |
| ૬૯ | ભાવમોક્ષ |

૨૯ ભાષાવર્ગણા

**મ**

૪૬ મતિજ્ઞાન

૧૦૬ મતિજ્ઞાનના ભેદ

૨૯ મનોવર્ગણા

૪૭ મન:પર્યયજ્ઞાન

૯૪ મિથ્યાત્વ

૯૫ મિથ્યાત્વના ભેદ

૯૮ મિથ્યાજ્ઞાન

૬૯ મોક્ષ

**ય**

૫૫ યથાખ્યાત ચારિત્ર

૮૩ યોગ્યતા

૧૦૧ યોગ

**લ**

૩૪ લોકાકાશ

૩૬ લોકાકાશ બરાબર કોણ જીવ થાય ?

**વ**

૨૪ વસ્તુત્વગુણ

૯૭ વિનયમિથ્યાત્વ

૯૬ વિપરીત મિથ્યાત્વ

૯૮ વિપર્યય

૪૦ વિભાવવ્યંજનપર્યાય

૪૧ વિભાવઅર્થપર્યાય

૨૩ વિશેષ ગુણ

૫૬ વીર્ય

૩૦ વૈક્રિયક શરીર

૫૯ વૈભાવિક ગુણ

૩૯ વ્યય

૩૯ વ્યંજનપર્યાય

૪૦ વ્યંજનપર્યાયના ભેદ

૩૫ વ્યવહારકાળ

**શ**

૩૦ શરીર કેટલા

૪૬ શ્રુતજ્ઞાન

**સ**

૫૪ સકલ ચારિત્ર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)




| | |
|---|---|
| ૩૬ | સમુદ્ઘાત |
| ૭૯ | સંપ્રદાન |
| ૫૧ | સમ્યક્ત્વ ( શ્રદ્ધા ) |
| ૨૩ | સામાન્ય ગુણ |
| ૨૩ | સામાન્ય ગુણ કેટલા |
| ૯૬ | સંશય મિથ્યાત્વ |
| ૯૮ | સંશય |
| ૬૮ | સંવર |
| ૭૭ | સાત તત્ત્વની યથાર્થ શ્રદ્ધામાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા |
| ૫૬ | સુખ |
| ૬૧ | સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates & the complete English Translation (Principles of Jainism)




| | |
|---|---|
| ૨૮ | સ્કંધ |
| ૩૮ | સ્કંધના ભેદ |
| ૪૦ | સ્વભાવવ્યંજનપર્યાય |
| ૪૧ | સ્વભાવઅર્થપર્યાય |
| ૬૫ | સ્યાદ્વાદ |
| ૫૩ | સ્વરૂપાચરણ ચારિત્ર |
| ૧૦૩ થી ૧૧૦ | પરિશિષ્ટ |
| ૧૦૫ | લોકની મોટાઈ, ઊંચાઈ અને પહોળાઈ કેટલી ? |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com